Rs.5/-
Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે • સળંગ અંક ૧૯૫ • ઓકટોબર ૨૦૨૩
Volume no. 17,Issue.No.195 October 2023



## જલઝીલણી એકાદશી

પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001





ચેરીહીલ (અમેરિકા) મંદિરમાં પ.પૂ.બિંદુરાજા પાસે રાખડી બંધાવતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



બોસ્ટન (અમેરિકા) મંદિરમાં ઠાકોરજીનો ષોડશોપચાર વિધિ કરતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



કોલોનિયા (અમેરિકા) મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી





સૂરતમાં ઠાકોરજીની
આરતી ઉતારતા અને
શ્રી નરનારાયણદેવ યુવક મંડળની
શિબિરમાં
આશીર્વચન પાઠવતા
પ.પૂ.લાલજી મહારાજશ્રી






સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૭ (મૂળ વર્ષ ૫૬) ● અંક : ૧૯૫ ● ઓકટોબર-૨૦૨૩


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. ‘‘સંતાનના નામો નો નિયમ’’ ૦૬

૦૪. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો ૦૮

૦૫. માતા-પિતાની શુશ્રૂષા ૧૨

૦૬. પાનસર ૧૩

૦૭. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી ૧૪

૦૮. ભક્તિસુધા ૧૫

૦૯. સત્સંગ સમાચાર ૧૭

# અસ્મદીયમ્

આપણે નિત્યે ચિંતવન કરવું કે ‘હું આત્મા છું અને જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તે પરમાત્મા છે.’ હું આ શરીર નથી એવો નિશ્ચય થાય ત્યારે જ્ઞાનનો ઉદય થયો જાણવું. જ્ઞાનથી અંધકાર દૂર થઈ જાય છે, પણ આ જ્ઞાન સાથે ભક્તિ અને વૈરાગ્ય ભેળા હોવા જોઈએ.

એકલું જ્ઞાન સૂક્ષ્મ અહંકાર જન્માવે, એકલી ભક્તિ કરતાં, મહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ ઉત્તમ છે.

ભક્તિ એટલે શું ? પરમાત્મા સાથે અતૂટ જોડાણ. પરમ પ્રેમ, નિઃસ્વાર્થ સુદૃઢ સ્નેહ એજ ભક્તિ છે. ‘હું’ ને સ્થાને ‘હરિ’ કેન્દ્રમાં રહે એટલે ભક્તિ આવી ગઈ માનવું. આપણે ટેસ્ટ કરતા એવું પુત્રકલત્રાદિક અને વિષયમાં પ્રીતિ રહે છે કે મહારાજને વિષે પ્રીતિ રહે છે ?

આપણે ભક્તિ કરનારે કેટલીક બાબતોમાં ધ્યાન રાખવું પડે કે યાંત્રિક રીતે દેખાદેખીથી કે કોઈને દેખાડવા ભક્તિ નથી થતી ને ? કોઈ અપેક્ષા કે લાલચ ખાતર ભક્તિનો આશ્રય લીધો નથી ને ?

ભક્તિમાં નિત્યે વૃદ્ધિ થવી જોઈએ. તેમાં ઊંડાણ આવતું જાય માટે સત્સંગ કરતા રહેવું પડે. ભક્તિથી આપણું હૃદય પણ દ્રવિત થવું પડે. ભક્તિ કરતાં શાંતિ અને આનંદની અનુભૂતિ થશે. પણ બધી બાબતમાં મહારાજનું મુખ્યપણું રહે તેનું ધ્યાન રાખવાનું છે.

હવે દિવાળીના દિવસો-ઉત્સવો નજીક આવે છે. નરનારાયણદેવ અને પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ હંમેશ માટે આપણા પર વરસતા રહે એજ પ્રાર્થના !

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**



## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (સપ્ટેમ્બર-૨૦૨૩)

૩ સિંધુભવન (બોડકદેવ, શિલજ, સાયન્સ સીટી અને શિલજ વિસ્તાર) ખાતે આયોજીત પારાયણ પ્રસંગે પધરામણી.

પથી૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર બોલ્ટન (યુ.કે.) સુવર્ણ જયંતી પાટોત્સવ (૫૦ મો પાટોત્સવ) પ્રસંગે પધરામણી.
ત્યાંથી શ્રી સ્વામિનારાયણ મંદિર સિનેમેન્સન (અમેરિકા) પધરામણી.
ત્યાંથી શ્રી સ્વામિનારાયણ મંદિર બોસ્ટન (અમેરિકા) પધરામણી.

૧૯ ભુજ (કચ્છ) પ.ભ. શ્રી લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી (બળદીયા-કચ્છ)ની ખબર અંતર પૂછવા પધરામણી.

૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીના વરઘોડા પ્રસંગે પધરામણી.

૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં દર માસે આયોજીત પૂનમની સભામાં પધાર્યા.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

### (સપ્ટેમ્બર-૨૦૨૩)

૨ સિંધુ ભવન (બોડકદેવ, શિલજ, સાયન્સ સીટી અને શિલજ વિસ્તાર) ખાતે આયોજીત પારાયણ પ્રસંગે પધરામણી.

પથી૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર બોલ્ટન (યુ.કે.) સુવર્ણ જયંતી પાટોત્સવ પ્રંસગે પધરામણી.

૧૩ અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની ગુણાનુંવાદસભા પ્રસંગે પધરામણી. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર.

૨૩ સુરત શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આયોજીત શિબિર પ્રસંગે પધરામણી.

૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર જલઝીલણી એકાદશીના શ્રીગણપતિજીના વરઘોડા પ્રસંગે નારણઘાટ મંદિર પધરામણી.

૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દરમાસે આયોજીત પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

# સંતાનો ના નામો નો નિયમ

- સાધુ પુરૂષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આજે આપણે વાત કરવી છે બાળકોના નામ રાખવાની બાબત અંગે. આપણા પુરાણો-શાસ્ત્રોના સિદ્ધાંતની બાળક જાતકનો જન્મ થયા પછી તેના નામ કરણવિધિ સોળ સંસ્કાર અન્તર્ગત પવિત્ર સંસ્કાર છે. તે સમયે વિદ્વાન વિપ્રને તેડાવીને યથાશાસ્ત્ર તે દેવોનું યથાશક્તિ પૂજન કરાવીને તે જાતકના જન્મના સમયની સ્થિતિ નક્ષત્ર, રાશિ, ગ્રહો, સૂર્ય, ચંદ્ર, તિથિ, વાર, ઘડી પછી સ્થાન, માતા-પિતા, કુળ, ગોત્ર વર્ણ એ સર્વેનું સંકલન કરીને તેની રાશિ અને લગ્ન નક્કી થાય છે. તેના ઉપરથી તે રાશિના અક્ષર હોય તેના અનુસારે તે જાતકનું નામ પરિવારના વડીલો દ્વારા સર્વ સહમતિથી પ્રિય એવું નામ પસંદ કરવામાં આવે છે. તે પણ વિપ્ર પુરોહિતની ગુરુની પણ અનુમતિ લેવાની હોય છે. સાથે સાથે જાતકની ''માં'' બાળકનું લાડકણું ઉપનામ પણ રાખતા હોય છે. જાતક નામ સાથે તેના પૂર્વ જન્મના સંચિત પ્રારબ્ધ તથા તેના સંસ્કાર તેનું કુળ ગોત્રના દેશ વર્ણ જ્ઞાતિના રીતિ રિવાજોને પણ લક્ષમાં લેવામાં આવે છે. નામ અને રૂપ બન્ને એક બીજાની ઓળખ છે. માત્ર ''નામ'' તેના પૂર્વેના જન્મ જન્માંતર સંસ્કારની ઓળખ રૂપે હોય છે ''નામ'' તેના રૂપ અને ગુણને કહી બતાવે છે. જાતકના ''નામ''માં તેની શક્તિ સામર્થી કર્મ અને ધર્મ સમાયેલા રહે છે. જાતકનું નામ તેની જન્મ જન્માત્તરની એક છુપાયેલી ઓળખ છે. એટલે જાતકનું નામ કોઈ કાલ્પનિક મનસ્વી રાખવું ન જોઈએ. નામ રાખવાના જે નિયમો આપણા ધર્મશાસ્ત્રોમાં જે કહ્યા છે તે જાતક કન્યા હોય તો તેનું નામ નદીઓ (સરિતા) ના નામ ઉપર રાશિ મુજબ રાખવાનો સિદ્ધાન્ત છે. આપણા દેશમાં નવસોને નવાણું નદીઓ પ્રત્યક્ષ વહે છે. તે નદીઓના નામમાંથી લગ્ન અને રાશિના અક્ષર સાથે શબ્દ સંખ્યા સાથે મળતું આવતું હોય તેવી જેટલી પસંદગી હોય તેમાં પરિવારના વડીલો તેનું નામ નક્કી કરે જેવી કે, ગંગા, યમુના, સરસ્વતી, નર્મદા, કાવેરી, ક્ષિપ્રા, તાપી, સાબરમતી, મહી, સિન્ધુ, કૃષ્ણા, બ્રહ્મપુત્રા, અલકનંદા, કાલી, ભાગીરથી, બનાસ, ભાદર, અંબિકા, મહા, જેલમ, કોશી, વ્યાલા, વૈતરણી, તુંગભદ્રા, માંડલી, મલીસ, સરયૂ, મનોરમા, રુપેણ વિગેરે. બ્રહ્મપુરાણોમાં બધીજ નદીઓના નામ લખેલા છે. તથા આપણા સનાતન હિન્દુ ધર્મ પરંપરાની દૈવી શક્તિ જગદંમ્બાના જેટલા પણ અવતારો થયા તે પણ નદીઓના નામ ધારણ કરેલા છે. દેવી અને નદીઓનો સુભગ સંયોગ સાથેના જાતક પુત્રીના નામો રાખવાની પરંપરા આદિ અનાદિથી ચાલી આવી રહી છે. માટે આ બાબતમાં કોઈ દેશ વિદેશના વસવાટથી કે આધુનિક જમાનાના અપવાદથી કે વધુ પડતા શિક્ષણના દેખાડાથી કે વિદેશી અનુકરણ કરવાના મોહથી દીકરીઓના નામ રાખવાની બાબતમાં કોઈ ફેરફાર કરવો જોઈએ નહીં. ''નામ'' માં અનંત શક્તિ ઐશ્વર્ય કળાઓ રહેલી હોય છે. જે નદીનું નામ પસંદ કરવામાં આવે તે નદીના ગુણ, ઐશ્વર્ય, પુણ્ય આદિ પુત્રીના જીવનમાં કેટલાક અંશ આવીને નિવાસ કરે છે.

ત્યાર પછી જાતક પુત્ર હોય તો તેનું નામ દેવો નક્ષત્રો-દિગ્પાલ તથા પરબ્રહ્મ પરમાત્માના જે ૧૦૮ તથા ૧૦૦૮ સહસ્ત્ર નામાવલિમાંથી રાશિના અક્ષર ઉપરથી રાખવામાં આવે છે. પુરાણો - શાસ્ત્રો - જનમંગલ નામાવલિ પૂર્વેના અવતારો સહસ્ત્ર નામાવલિમાંથી જે પ્રિય હોય તેવા નામો રાખી શકાય છે. તે નામોમાંથી ઘણી બધી પસંદગી ટુંકા કે લાંબા નામો મળી શકે છે. આજ સુધી આપણા વડવાઓ ભગવાનના નામ ઉપરથી જ નામો રાખતા આવ્યા છે. તથા બાપ દાદા માતા પિતા ઉપરથી પણ નામ રાખી શકાય છે. ''ધર્મનંદન'', ''ભક્તિનંદન''''યશોદાનંદન'',

''નંદનંદન'', ''રઘુનંદન'', ''કૌશલ્યા નંદન'' વિગેરે વિગેરે. પૂર્વેના અવતારોના નામો શાસ્ત્રોમાં લખ્યા છે.

ઘરમાં પરિવારજનો, સગા સંબંધીઓને સહેજે સહેજે દેવી દેવતા, ભગવાનના નામ પુત્ર-પુત્રીના નિમિત્તે

નામ જપ થયા કરે. ભલે બહાનું પુત્ર-પુત્રીનું હોય પણ તેનો સંબંધ ભગવાન અને દેવ-દેવી સાથે થાય છે. માણસના પૂર્વ જન્મ જન્માતરના પાપમાંથી મુક્ત થવા ભગવાનનું નામ સહેજે સહેજે વિના પ્રયાસ પ્રયત્ને ભક્તિ ઘરમાંજ થયા કરશે. ઘર પવિત્ર બનશે. કાયા નિર્મળ બનશે. મનખો સફળ થશે અને હાલમાં કળિયુગ ચાલી રહ્યો છે તેનો તો તે વિશેષ સદ્‌ગુણ છે. કેવળ નામ જપ કરીને આ યુગમાં મનુષ્ય પાપમુક્ત થાય છે. જુઓ તો ખરા આપણા પૂર્વજો કેવા બુદ્ધિશાળી હતા.

શ્રીમદ્ ભાગવતના છઠ્ઠા સ્કંધમાં અજામિલ નામના વિપ્રની કથા ભગવાન વેદવ્યાસનારાયણે લખી છે. અજામિલનો નાનો પુત્ર ''નારાયણ'' નામે હતો અને તેના ઉપર વિશેષ પ્રીતિ હતી. જ્યારે અઠ્ઠાશી વર્ષની વયે અંતકાળ આવ્યો તે સમયે તેના કર્મના લેખ મુજબ યમના દુતોનું ભયંકર રૂપ જોઈ ડરી ગયો. નારાયણ નારાયણ મને બચાવજે એમ વારંવાર પુત્રને સંબોધીને બોલ્યો ત્યાં તો તત્કાળ ભગવાનના પાર્ષદોએ આવીને અજામિલને યમદૂતના પાસમાંથી મુક્ત કરી જીવન દાન આપ્યું. પછી તેને વૈરાગ્ય લાગ્યો અને પાછળની અવસ્થામાં અખંડ ''નારાયણ'' ''નારાયણ'' નામનો જપ કરી મુક્તિને પામ્યો. આ ગૃહસ્થાશ્રમીની ગીતાજી છે. ઘેર બેઠા પાપ મુક્ત થવાનો સફળ ઉપાય. આવા પવિત્ર ગૃહસ્થાશ્રમીના ઘરે નદીઓ દીકરીના રૂપે જન્મ ધારણ કરીને ઈકોતેર પેઢીઓનો ઉદ્ધાર કરે છે. આપણે જ્યારે ભગવાનની ષોડશોપચાર પૂજા કરવાની શરુઆત કરીએ ત્યારે પવિત્ર નદીઓના જળની જરૂર હોય છે. તે વખતે ભૂદેવ, પુણ્યાવાચન કળશમાં નામ જપ માત્રથી ગંગા, યમુના, સરસ્વતી, ગોદાવરી આદિ નદીઓનું આવાહ્‌ન કરીને સંપૂર્ણ પૂજા-સ્થળ-દેહ-પૂજાપો વિગેરે વિષ્ણુરુપ કરી આપે છે.

ભૂતકાળમાં ભૂલો થઈ તો હવે પછી ધ્યાન રાખજો. જો તમારા હાથમાં હોય અથવા તમારું ધાર્યું થતું હોય તો પુત્ર-પુત્રીના નામ ઉપર જણાવેલ અનુસાર જરૂર રાખજો. તો તમારા પૂર્વજો દેવો-નદીઓ ભગવાન પ્રસન્ન થશે અને સંસાર સફળ થઈ જશે. તેમાં જરાય શંકાને સ્થાન નથી. જો શ્રધ્ધા હોય તો બીજાને પણ વાત કરજો. તો તેનુંય સારુ થશે. શાસ્ત્રોનો સિધ્ધાન્ત છે કે, નામ અને સ્વરૂપ એક છે. નામ અજર અમર છે. પૂર્વેની ઈકોતેર પેઢીના પૂર્વજોનું નામ બોલીને તેને સત્કર્મનું ફળ સંકલ્પ માત્રથી અર્પણ કરવામાં આવે છે.

## દીપોત્સવી કાર્યક્રમ

**ચોપડા ખરીદવા માટે :** આસો વદ-૮ ને રવિવાર તા. ૦૫-૧૧-૨૦૨૩ ના રોજ પુષ્ય નક્ષત્ર હોવાથી ચોપડા ખરીદવા મુહૂર્ત સારું છે.

**ધનતેરશ :** આસો વદ-૧૩ શનિવાર તા. ૧૧-૧૧-૨૦૨૩ ધનતેરશ, મહાલક્ષ્મી પૂજન.

**કાળી ચૌદશ :** આસો વદ-૧૪ રવિવાર તા. ૧૨-૧૧-૨૦૨૩ કાલુપુર મંદિર શ્રી હનુમાનજી મહારાજનું પૂજન બપોરે ૧૧-૩૦ કલાકે તથા સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન સાંજે ૭-૦૦ કલાકે અમદાવાદ કાલુપુર મંદિરના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થશે.

**દિવાળી :** આસો વદ-૩૦ સોમવાર તા. ૧૩-૧૧-૨૦૨૩. **અન્નકૂટ દર્શન : સવારે : ૧૦-૦૦ થી ૩-૩૦ સુધી**

**નૂતનવર્ષ :** કારતક સુદ-૧ મંગળવાર તા. ૧૪-૧૧-૨૦૨૩.

**મંગળા આરતી : સવારે : ૫-૦૦ કલાકે**

**શણગાર આરતી : સવારે : ૬-૩૦ કલાકે**

**ગોવર્ધન પૂજા : સવારે : ૮-૦૦ કલાકે**

**રાજભોગ આરતી : સવારે : ૧૦-૧૦ કલાકે**

શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના વરદ્ હસ્તે થશે.

નૂતન વર્ષના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કાલુપુર મંદિરમાં પોતાની બેઠકમાં સૌ ભક્તજનોને દર્શન આપશે.

સૂચના : સમૂહ શારદા પૂજનમાં લાભ લેનાર ભક્તોએ પોતાના ૨ ચોપડા લાલ કલરના કપડામાં સરનામું, ફોન, મોબાઈલ નંબર લખીને કોઠાર ઓફિસમાં રૂા. ૫૦૦/- ભરીને પહોંચ અને નંબર મેળવી લેવો.

## પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી

# અમૃત વચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)



**શ્રી સ્વામિનારાયણ મંદિર અપ્રોચ (બાપુનગર) સમૂહ મહાપૂજા પ્રસંગે તા. ૨૦-૮-૨૦૨૩ : મહાપૂજાનો મહિમા કહીએ એટલો ઓછો છે.** માણસનું મન ચંચળ છે. એટલે દરરોજ સવારમાં આપણે જે નિત્યપૂજા કરતા હોઈએ ત્યારે ઘણીવાર માળા હાથમાં ફરતી હોય અને મન બીજે ક્યાંય જતું રહે, એવું થાય છે ને ? બધાને થાય, મને પણ થાય. મને એવું થાય કે આજે તમને બધાને મળવા આવવાનું છે. અહીં દેવના દર્શન કરવા આવવાનું છે. તો આ જે ક્ષતિ રહી જાય છે તેની પરિપૂર્તિ મહાપૂજાથી થાય છે. મહારાજે પોતાના આશ્રિત એવા ગૃહસ્થોને વર્ષમાં એકવાર અથવા વિશેષ થાય તો વધારે ટાઈમ અવશ્યપણે મહાપૂજા કરવાની આજ્ઞા કરી છે. ખૂબ ખૂબ ધન્યવાદ અને મહારાજ તમારા ઉપર ખૂબ રાજી થાય એવી પ્રાર્થના !

બાપજી કાયમ કહે છે, તમે પણ સભામાં સાંભળ્યું હશે, **વજન વધવું ન જોઈએ અને ભજન ઘટવું ન જોઈએ.** એટલે મેં પણ વજન બહુ ઉતાર્યું છે હો ! વાત એટલા માટે કરી કે હું રસોડામાં જોઈને આવ્યો. તમારા માટે લાડવા તૈયાર છે. જમજો પણ આફરો ના ચડે ત્યાં સુધી વાંધો નહીં. મહંત સ્વામીને મેં કહ્યું કે શાકમાં તેલ બહુ છે. શાકમાં તેલ છે કે તેલમાં શાક છે ?

આપણે આ મંદિરમાં સુખ લઈ રહ્યા છીએ. બહેનો માટે પણ નીચે સુંદર મંદિર છે. હવે જ્યારે આપણા જ ભાઈઓ, દીકરા-દીકરીઓ નવા નિકોલ વિસ્તારમાં રહેવા ગયા છે ત્યારે ઘણા વખતથી એ બાજુ મંદિરનો સંકલ્પ હતો. કારણ કે **આપણને જે સુખ મળ્યું છે એ બીજાને પણ મળવું જોઈએ એવો જે વિચાર કરવો એ માણસના લક્ષણ છે. જૂની કહેવત છે ને કે જનાવર હોય એ બીજાનું ભાથું લઈને ના આવે.** પોતે ચારો ચરી આવે પણ કંઈ સાથે બીજા પશુ માટે ભાથું લઈને ના આવે. **માણસ એટલા માટે કહેવાય છે કે એ પોતાનું કરે અને બીજાનું પણ કરે.** તેથી તમને પણ નિકોલ માટે એ વિચાર હતો અને આજે એ ઉત્સાહ અમે જોઈ રહ્યા છીએ. મહારાજ નંદ સંતોને આજ્ઞા કરતા કે તમારે કોઈ માણસને વર્તમાન ધરાવીને જ પાછું આવવું અને કોઈ માણસ ન મળે તો કોઈ વૃક્ષ હોય એને પણ વર્તમાન ધરાવવા. જેથી એ જીવનું રૂડું થાય. **કોકનું રૂડું થાય એવો જે વિચાર કરવો અને તે વિચારને અમલમાં મૂકવો એ આ સંપ્રદાયનો પાયો છે અને તો જ આ ચાંદલો અને કંઠી લેખે લાગે. નહીં તો પછી શું કામના ! આવડો મોટો ચાંદલો કરીએ અને પછી કોકનો ઉલાળિયો કરી નાખીએ તો પછી એ ચાંદલો કેવો લાગે ? આપણે કોકનું રૂડું વિચારી શકીએ, ગુણબુદ્ધિ રાખી શકીએ તો મહારાજે જે સિધ્ધાંત આપણને આપ્યો છે એ સાચી રીતે ઉગ્યો છે એમ કહેવાય.**

**મહારાજે નવ મંદિરો કર્યા - મહારાજ કહે, ત્યાગનો પક્ષ મોળો કરીને ઉપાસના રાખવા સારું અમે આ મંદિરો કર્યા છે. આ બહુ મોટું સ્ટેટમેન્ટ છે. આના પહેલા આવું સ્ટેટમેન્ટ કોઈએ આપ્યું નથી. એજ મહારાજનું સર્વોપરીપણું છે.** કર્મશક્તિ મંદિરના રજત જયંતી મહોત્સવમાં એક વડીલ ઉભા થયા, કહે મારે આટલી સેવા કરવી છે, ક્યાં વાપરું ? મેં કહ્યું, ગામ આખાની સેવા કરો છો તો અહીં નિકોલમાં જ વાપરોને! કહેવત છે ને કે ''ઘરના છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો'' પહેલા દીકરા-દીકરીઓનું હિત કરીએ, પછી બીજાનું કરીએ એટલે એ ટાઈમે જ મંદિરના સંકલ્પને અમલમાં મૂક્યો. જ્યાં જમીન

સંપાદન થઈ છે ત્યાં જઈને હું વડીલો વચ્ચે બેઠો હતો. એ વડીલોએ જે તૈયારી દેખાડી છે એ તો બહુ અદ્‌ભુત છે. કારણ કે **પોતાની જગ્યા બાંધેલી હોય, કામ થતું હોય એ જગ્યા મંદિર માટે આપવા તૈયાર થાય એ ત્યાગ બહુ મોટો ત્યાગ કહેવાય. આ આપણા સંપ્રદાયની પ્રણાલિકા રહી છે.** સંતોનો તો ત્યાગ છે જ પણ હરિભક્તોનો ત્યાગ પણ ઓછો નથી. અમે ગામડે કે વિદેશમાં જઈએ ત્યારે ઘણા ભક્તો મહિમા કહે કે મહારાજશ્રી અને સંતો પધાર્યા છે. અને ઘણા હરિભક્તો એવા છે કે અમારે એકાદ દિવસ કે વધારે રોકાવાનું હોય તો પોતાનું ઘર ખાલી કરી દે. **પોતાના ઘરનું, પોતાની Life Style નું compromise (જીવન શૈલીનું સમાધાન) કરીને બીજા માટે સુવિધા કરી આપવી એ કેટલો ઉત્કૃષ્ટ ત્યાગ કહેવાય ! સમયનો ત્યાગ, પૈસાનો ત્યાગ, મન, બુદ્ધિ, હૃદયની ભાવના આ બધી વસ્તુ આ સંપ્રદાયમાં આપણને મળી છે અને આપણામાં એ ગુણ આવ્યા છે.** બીજે ક્યાંય આ વસ્તું જોવા મળતી નથી. બીજે તો લાવો લાવો થાય છે. મહારાજે સ્વયં તપ કરીને, વન વિચરણ કરીને આપણને એ શિખવાડ્યું છે. મ્યુઝિયમમાં સરસ પ્રસાદીનો એક પત્ર છે. **મહારાજે પ્રશ્ન પૂછ્યો કે, આ સંપ્રદાયમાં કોણ નભશે ? તો એનો જવાબ પણ સરસ છે કે, જે જતું કરશે એ નભશે.** આ બહુ મોટી વાત છે. અને એ આપણા સંપ્રદાયમાં જોવા મળે છે. નહી તો જતું કરવામાં કોઈ માને છે ? તમે વિચાર કરો, એક ઈંચ જગ્યા માટે લોકોના ગળા કાપી નાખે છે. ત્યારે ધન્ય છે એ હરિભક્તોને જેઓએ જમીનની સેવા કરી છે.

અહીં આવ્યો ત્યારે એક સંકલ્પ થયો. મને નથી થયો. મહારાજે પ્રેરણા કરી છે કે, **નિકોલ નૂતન મંદિરમાં વચ્ચે ઘનશ્યામ મહારાજ અને તેની બન્ને બાજુ નરનારાયણદેવ અને લક્ષ્મીનારાયણદેવ પધરાવવા છે. ભગવાનમાં ભેદ નથી. આ વાસ્તવિકતા કહું છું. ભગવાનમાં જે ભેદ પાડે છે એના કરતા રાક્ષસો પણ સારા કહેવાય. રાક્ષસોથી પણ ભંગાર છે એ માણસો ! એનાથી મલિન કોઈ વ્યક્તિ નથી.** ભગવાનમાં ભેદ પાડનાર છે કોણ ? ભગવાનમાં ભેદ પાડવાની તાકાત છે આપણી ? તમે વિચાર કરો કે **જે મહારાજે નરનારાયણદેવ પધરાવ્યા એ જ મહારાજે લક્ષ્મીનારાયણદેવ પધરાવ્યા છે.** ઘણા કહે ને કે નરનારાયણદેવ તમારા ને...... બધા મારા જ છે. કોઈ તો કહેતું હશે ? કોબા સર્કલ બાજું આપણા ઘણા હરિભક્તો છે. મે કીધું ત્યાં મારે ગોપીનાથજી પધરાવવા છે. ભગવાન જેવો ભગવાન બેઠો છે શીદને રહીએ કંગાલ ? સંકલ્પ કરો ને શું નથી થતું ? **આપણે સુખી છીએ શેના કારણે ? ભગવાન મળ્યા છે એટલે.** જો આ ભગવાન ન મળ્યા હોત તો તમે ને હું ક્યાંય ખૂણામાં હળ હાંકતા હોત. એય હાથમાં આવ્યું હોત તો, નહિ તો ક્યાંય દાડિયે બેઠા હોત.

ખેતરમાં પાણી વાળતા હોય એને ખબર હોય કે જ્યાં વધારે લીલું હોય ત્યાંથી પાણીના ધોરિયાનું નાકું ફેરવીને જ્યાં સુકું હોય ત્યાં પાણીને લઈ જવું પડે. એમ **મારો પણ એ સિદ્ધાંત રહ્યો છે કે નરનારાયણદેવના કોઠારમાં જે રૂપિયા આવે છે તે દેવના આવે છે અને તેની જ્યાં જરૂરિયાત હોય ત્યાં દેવ માટે જ વપરાય છે. તમે આપો છો એ તમારી સુવિધા માટે જ વપરાવું જોઈએ. ક્યાંય અભરાઈમાં નથી મુકવાનું.** છપૈયા જેઓ હમણા જઈ આવ્યા હોય તેમણે જોયું હશે. કેવી રીતે થયું ? મંદિરના કોઠારમાંથી આપ્યા હતા. એ તો પછી હરિભક્તોએ વિશેષ સેવા નોંધાવી છે. **અમદાવાદનું કામ પણ થશે. પાર્કિંગની સુવિધા થશે. ટ્રાફિક નહી નડે એવું થશે. બધું થશે પણ એ દેવના બળે કરીને થશે. ભગવાનની ખુમારીથી કહું છું. અને એ બધું સુખેથી ભજન થાય એના માટે થશે. એક વસ્તુ નક્કી છે કે મને એમાં જ રસ છે, જે દેવનું છે.**

**અમદાવાદ દેશના હરિ મંદિરો માટે અન્નકૂટ**

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદ દેશના ગામડા તથા શહેરના કોઈપણ હરિ મંદિરમાં દિવાળી બેસતા વર્ષ માટે જો અન્નકૂટ બનાવવાનો હોય તો આપણા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા બનાવી આપવામાં આવશે. જે કોઈ હરિભક્તોને જરૂરિયાત હોય તેમણે નીચેના નંબર પર સંપર્ક કરી નોંધાવવા અનુરોધ છે.

સંપર્ક : કાલુપુર મંદિર કોઠાર ઓફિસ

કોઠારી બાલુ સ્વામી : ૯૪૨૭૦૭૦૩૭૧ ● સુરેશભાઈ : ૯૧૭૩૦૮૯૦૩૦

**અને જે દેવનું છે એમાં ભેદ નથી. પછી એ નરનારાયણદેવનું હોય, લક્ષ્મીનારાયણદેવનું હોય કે ગોપીનાથજી મહારાજનું હોય, દેવનું હોવું જોઈએ. દેવનું જો હોય તો એના માટે હું ઉભો છું. દેવનું ના હોય તો મને સૂતક નથી લાગતું. આ વાસ્તવિકતા છે.** અને એ બળ તમેય રાખ્યું છે અને રાખજો. આપણે ભગવાનના થવાનું છે અને જો થશો તો નિશ્ચિંત થઈને રહી શકશો. આ જે હું કહી શકું છું તે પણ ભગવાનના બળ વડે કહી શકું છું. મારા બળ વડે કંઈ ના કહી શકાય. **છોકરાઓ વિદેશ જાય છે. એને પણ હું આ જ મંત્ર આપું છે કે ભગવાનના થઈને રહેજો.**

નિકોલના મંદિર માટે તમે સહયોગ આપ્યો છે. પાંચ આંકડાની જ રકમ આપવી એવું કંઈ જરૂરી નથી. જેને જે ઈચ્છા થાય તે લખાવજો. આ તો હવે રૂપિયાનું પ્રાધાન્ય થયું છે. પહેલા રૂપિયા ક્યાં હતા ? ત્યારે હરિભક્તો સમયની સેવા કરતા હતા, શરીરથી પરિશ્રમ કરીને સેવા કરતા હતા. કોઈ બે દિવસની સેવા કરતા તો કોઈ બે મહિનાની સેવા કરતા. કોઈ પથ્થરો લઈને આવતા તો કોઈ ગારો ખૂંદતા. નંદ સંતોએ પણ આવો પરિશ્રમ કર્યો છે. આવી રીતે આ મંદિરો ઉભા થયા છે. હૃદયના એક એક ઉમળકાથી અને ભાવનાથી ઉભા થયા છે. જગતમાં આજે ઘણા મંદિરો ઈંટ ચૂનાથી બન્યા છે. પણ ત્યાં આજે કાગડા ઉડે છે. ક્યારેક દ્રષ્ટિ કરજો. મંદિરનું એક શિખર ઉભું કરવું એ નાની વાત નથી. અમૂક વાતો જગજાહેર નથી હોતી. પત્રોમાથી કે શાસ્ત્રોમાંથી મળી આવતી હોય છે. આનંદાનંદ સ્વામી મંદિર ઉપર ચડીને શિખરનું કામ કરાવતા હતા. મહારાજ કામનો બહુ ખટકો રાખતા. આનંદાનંદ સ્વામીએ જોયું કે મજૂર કંટાળાથી કામ કરે છે. થાક લાગ્યો હશે. સ્વામીએ કરડી દ્રષ્ટિ કરી એટલે મહારાજ થોડું હસ્યા. સ્વામી જોઈ ગયા એટલે નીચે ઉતર્યા ત્યારે પૂછ્યું, કેમ હસ્યા ? મહારાજ કહે, તમને જોઈને હસ્યા. પણ કેમ ? તો કહે, એ પણ માણસ છે. ક્યારેક ભૂખ્યો થયો હોય, કંટાળો આવતો હોય. તમને ખીજ ચડી હતી તો પણ શક્તિ હોવા છતા પણ તમે દ્રષ્ટિ માત્રથી ઓછામાં પતાવી દીધું. એટલે અમને હસવું આવ્યું. આ સાંભળી સ્વામી પણ બહુ હસ્યા. કારણકે આમ તો સ્વામી રાજકીય પરિવારમાંથી આવેલા એટલે ખૂબ ખુમારી વાળા હોવા છતાં ખીજ કરવામાં સંયમ રાખ્યો. આવી નાની નાની વાતમાંથી ઘણું શીખવા મળે છે.

ભગવાન અને મંદિર સાચવી રાખવા. તોડીને નવું કરી સોનાથી મઢવાની જરૂર નથી. કોઈ પાસે રૂપિયા બહુ આવી જાય તો પોતાના બાપને સોનાથી મઢે છે ? ભગવાન એ ભગવાન છે. આપણા માટે સોનું છે પણ ભગવાન માટે દ્રવ્ય બધા સરખા છે. **આપણે મંદિર ભગવાન માટે અને આપણી સુવિધા માટે કરીએ છીએ. દેખાડો નથી કરવાનો. મંદિર હશે તો કાલ ઉઠીને કોઈ બે જણને સંસ્કાર આવશે. કોઈ પરિવારના જીવનમાં ભગવાન આવશે, જીવન પરિવર્તન થશે તો ૫૦ કરોડ વાપર્યા હશે એ સાર્થક છે, કરોડો રૂપિયા ન્યોછાવર છે.**

મહાપૂજામાં પાછળ ૧૫-૨૦ છોકરાઓ બેઠેલા જોયા હતા. હૈયે બહુ ટાઢક વળી. કારણ કે **તમે અને તમારા વડીલોએ જે કાર્ય કર્યું છે, સંસ્કારો આપ્યા છે એ તમારા દીકરા-દીકરીઓમાં આવેલું જોઈએ છીએ ત્યારે જેવી હૈયે ટાઢક વળે છે એવી ટાઢક ક્યાંય વળતી નથી. આ હકીકત કહું છું.** વડીલો તો ઉગતી પેઢીને આંગળી ઝાલીને મંદિરે લઈ જાય પણ જે દિવસે આપણા દીકરા-દીકરીઓ આપણો હાથ ઝાલીને મંદિરના પગથિયા ચડાવે એ દ્રશ્ય જોઈને હૈયું એટલું ટાઢું થાય છે કે એનું વર્ણન કરવા માટે શબ્દો નથી. આ હું નાભિથી કહું છું. કારણ કે સરવાળે તો આ ભાવિ પેઢી માટે જ આપણે કરીએ છીએ ને ! જગતમાં પણ લોકો મહેનત કરે છે. શેના માટે ? પોતાના દીકરા-દીકરીઓ સુખી સંપન્ન થાય એના માટે. છોકરાઓને પ્રેરણા કરીએ, સજેશન આપીએ, આગળનું દેવ ઉપર છોડી દેવું.

**સંપ્રદાયનું ગૌરવ**

આપણા અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના દેવપુરા (ખાખરિયા) ગામના શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળના ખૂબજ નિષ્ઠાવાન હરિભક્ત પ.ભ. જતીનભાઈ ઝવેરભાઈ પટેલને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમની ઉત્તરોત્તર પ્રગતિ અને તેમના ક્ષેત્રમાં સમાજ સેવાનું તેઓ ખૂબજ કામ કરી લોક ચાહના મેળવે તેવી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરે છે.

નૂતન મંદિર માટે આંકડા મોટા બોલાય એ જરૂરી નથી. સહયોગ જરૂરી છે. દસ રૂપિયા દીધા હશે તો મમત્વ થશે. નવો પંખો લાવ્યા હોઈએ અને કીચુડ કીચુડ થાય તો તુરત જ ગેરંટી કાર્ડ કે વોરંટી કાર્ડ કાઢીએ છીએ ને ! આ બહુ ચોખ્ખી વાત છે. આપણા કાલુપુર મંદિરે રાધાકૃષ્ણદેવની આગળના પીલરનો ઈતિહાસ તમે સૌ જાણો છો. એ હરિભક્તે વિચાર કર્યો કે લખચોરાશીમાં કેટલીય વાર બળદ બન્યો હઈશ. આ વખતે તો ભગવાન મળ્યા છે તો એ ભગવાનના કાર્ય માટે બળદ કેમ ન બનું ? અને એ વિચારે એ ખેડૂતે બળદનું કામ કર્યું. પાછળ હોલ પડી ગયા. લોહી નીકળ્યું અને પછી નંદ સંતોએ મલમ પટ્ટા લગાવીને સાજા કર્યા. આવા સમર્પણનો વિચાર આવવો એ બહુ મોટી વાત છે. એના ઉપર આ સંપ્રદાયની નીડ છે, પાયો છે. એ સંસ્કારમાં આપણે જીવીએ છીએ.

**આપણા જેવા ભાગ્યશાળી જગતમાં કોઈ છે જ નહિ ! મોટામાં મોટા ભગવાન અને એ ભગવાન આપણને મળ્યા એટલે આપણે મોટા. હરિ ભજતા સહુ મોટપ પામે... માટે સેવા કરજો બધા.** મારે નથી લઈ જવાના. તમારું છે અને તમારે સાચવવાનું છે. કોઈને તાણ નથી કરવાની, પણ વંચિત ન રહી જઈએ. પછી પસ્તાવો થાય કે આમાં આટલું કર્યું હોત તો સારું હતું. સમયે થાય નહિ, પછી રોદડા રોઈએ એ નકામું, શક્તિ હોય એટલું આપવું. શક્તિથી ઓછું નહિ અને શક્તિથી અધિક પણ નહિ. આ મહારાજે કીધું છે, મેં નથી કીધું હો !

છેલ્લી ધર્માદાની વાત. શિક્ષાપત્રીમાં ધર્માદાની આજ્ઞા છે. એ આજ્ઞાનું અમે આચાર્ય હોઈએ તો પણ ઉલ્લંઘન કરી શકીએ નહી. અહીં નહી અને અહીં આપજો એવો ધંધો ના થાય. પણ અહીં જે થાય છે તે દેવનું છે. દસ્તાવેજ દેવનો છે. અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા વગેરે દેશોમાં જ્યાં દેવના મંદિરો હોય, ગાદીના મંદિરો હોય ત્યાં ત્યાંના ભક્તો ધર્માદો આપે છે. કોઈ વાંધો નથી. પણ જ્યાં ને ત્યાં નહીં. અહીં નહી અને અહીં આપીએ એવું પૂછવા ન આવશો. નિકોલ નૂતન મંદિરનો દસ્તાવેજ નરનારાયણદેવનો છે. એટલે એમાં કોઈ ખોટી વસ્તું નથી. બાકી હું એને ફેરવી શકું નહીં. મારા પિતા પૂ. બાપજી ફેરવી શકે નહીં. સાત પેઢીમાં કોઈ ફેરવી શક્યું નથી. **જે ડાયવર્ઝન (બદલાવ) કરાવતા હોય એ પછી અમારા માંહિલા હોય, સંતો માંહિલા હોય કે તમારા માંહિલા હોય તેનાથી છેટા રહેજો, આ ચોખ્ખું કીધું.** ધર્માદા ઉપરાંત વિશેષ જો આપતા હો તો તમને મન માને ત્યાં આપજો. **મહારાજનું વચન છે કે મારી વાણી એ મારું સ્વરૂપ છે એટલે એ સ્વરૂપ દ્રષ્ટિએ જો વચનનું ઉલ્લંઘન થાય તો મૂર્તિનું ઉલ્લંઘન થાય અને તો પછી ભગવાનને માન્યા જ ન કહેવાય.** મંદિર માટે બધા ભેગા થયા હતા ત્યારે મહારાજની આજ્ઞાનુસાર મેં વાત કરી હતી કે દેવનું છે એટલે મંદિર નિર્માણ માટે દેવને આપીએ એમાં કોઈ બાદ નથી. આ અમે Divergence (આડા માર્ગે જવું તે) નથી કરતા.

ભગવાનના દર્શનથી આનંદ થાય, પછી ભક્તોના દર્શનથી આનંદ થાય. માટે હું આવતો હતો ત્યારે હાથ જોડીને તમારા દર્શન કર્યા. બેસું પછી પણ એકવાર બધી સભાના દર્શન કરી લઉં છું. સહજાનંદ સ્વામી મહારાજની જય, નરનારાયણદેવની જય, લક્ષ્મીનારાયણદેવની જય, ભગવાન આપણા છે. ભલે ત્યારે જય સ્વામિનારાયણ.

## આસો સુદ-૧૫ નું ગ્રહણ પાળવાનું છે

**તા. ૨૮/૨૯-૧૦-૨૦૨૩ ના રોજ આસો સુદ-૧૫ ના રોજ ચંદ્રગ્રહણ થાય છે. આ ખંડગ્રાસ ચંદ્ર ગ્રહણ એશિયા, પૂર્વ અમેરિકા, યુરોપ, આફ્રિકા તથા સંપૂર્ણ ભારતમાં દેખાશે જેથી ધાર્મિક દ્રષ્ટિએ આ ગ્રહણનો વેધ પાળવો જોઈએ.**

**અમદાવાદના સ્થાનિક સમય મુજબ વેધ તા. ૨૮-૧૦-૨૦૨૩ ના બપોરે ૧૫ કલાક ૧૩ મિનિટ ૩૯ સેકન્ડ અને બાળકો વૃધ્ધો તથા અશક્ત લોકો માટે વેધ ૧૯ કલાક ૩૮ મિનિટ ૧૬ સેકન્ડ રહેવા પામશે. ચંદ્ર ઉદય ૧૭.૫૬.**

**તા. ૨૯-૧૦-૨૦૨૩ સ્પર્શ રાત્રે ૧-૦૫, મધ્ય રાત્રે ૧-૪૪, મોક્ષ રાત્રે ૨-૨૨ થશે**

### લેખકોને નમ્ર સૂચન

શ્રી સ્વામિનારાયણ માસિકમાં વિદ્વાન સંતો અને વિદ્વાન હરિભક્તોને ખાસ નમ્ર સૂચન છે કે આપના અગાઉ લેખ સુંદર આવતા હતા. તેજ રીતે આપની કલમે લખાયેલ લેખ આવકાર્ય છે. જે આપણા અંકમાં નિયમિત પ્રકાશિત થશે. - તંત્રીશ્રી

# માતા-પિતાની શુશ્રૂષા

- એક હરિભક્ત

આપણે સમાચાર પત્રોમાં અને મિડીયામાં અવાર-નવાર જોઈએ છીએ કે પોતાના જ સંતાનો વૃદ્ધ માતા-પિતાને ઘરમાંથી કાઢી મૂકે છે, મારપીટ કરે છે, કે ત્રાસ આપે છે. અરે ! ખુદ માતા-પિતા પોતાના સંતાનો સામે કાયદાકીય દાદ માગે છે.

કારણ.... વૃદ્ધ માતા-પિતા હવે કામકાજ કરવા માટે અશક્ત છે. તેઓ હવે નડતરરૂપ લાગે છે. પણ સંતાનો જ્યારે બાળક હતા ત્યારે તેઓ પણ ક્યાં કાંઈ કામ કરતા હતા ? છતાં મા-બાપે કેટલા પ્રેમથી મોટા કર્યા. હવે એમને પ્રેમથી બાળકની જેમ સાચવી ન શકાય ?

હમણાં એક વૈષ્ણવ મિત્રની પૂત્ર વધુ સાથે વાર્તાલાપ થયો.

‘‘મીના, હવે તારા બા-બાપુજી (સાસુ-સસરા) લગભગ નેવું એ પહોંચ્યા છે અને વળી બંન્ને ને ફેકચર છે, તેથી પથારી વશ પણ છે. તો તને તકલીફ તો પડતી હશે ?’’

મીના એ કહ્યું, ‘‘તમે સત્સંગી થઈને શું બોલો છો ?’’

‘‘હું તો એમ માનું છે કે મારા કૃષ્ણ પરમાત્મા મારી સેવા અંગીકાર કરવા મારા માતા-પિતા સ્વરૂપે આવ્યા છે.’’

‘‘અત્યારે કનૈયો કાંઈ મોરપીંછ અને વાંસળી લઈ મારી સેવા અંગીકાર કરવા ન આવે ! સમજ્યા ?’’ મને સેવાની તક મળી એમ માનું છું.’’ મીનાની કેવી ઉત્તમ સમજ!

આપણને તો મહારાજે શિક્ષાપત્રીના ગૃહસ્થોના પાંચમાં શ્લોકમાં (શિ. શ્લોક-૧૩૯) કહ્યું છે, **मामकैः** એટલે જે મારા છે. આપણને મારા માન્યા છે. તેમણે માતા-પિતા, ગુરુ અને રોગાતુર મનુષ્યની જીવન પર્યંત સેવા ( શુશ્રૂષા ) કરવી. એવી આજ્ઞા કરી છે.

એક ગૃહસ્થ યુવાન સાથે વાત થઈ. ‘‘મંગળા આરતીમાં આવતા હોય તો ?’’ યુવાને કહ્યું, ‘‘માતા-પિતાની સેવા કરીએ, એમની પાસે બેસીએ, એ મંગળા જ છે ને ?’’

વધુમાં ઉમેર્યું, ‘‘મંગળામાં આવે અને મા-બાપની શુશ્રૂષા ન કરે તો, એ કેવું કહેવાય ?’’

સરકારને માતા-પિતાને સાચવવા માટે કાયદા કરવા પડે એ સમાજની કેવી સ્થિતિ કહેવાય ? સરકાર કાયદા કરવા જઈ રહી છે કે, પીડિત માતા પિતાને પોતાની સંપત્તિમાંથી સંતાનોને કાઢી મુકવાની સત્તા મળે. અસક્ષમ માતા-પિતાને સંતાનો પાસેથી ભરણપોષણ લેવા કાયદાનો સહારો લેવા ઘણા કેસ જોવા મળે છે.

પણ, આપણે સત્સંગીઓએ તો મહારાજની આજ્ઞા, સંતો તેમજ આચાર્ય મહારાજશ્રીની ટકોર હોય જ છે તેથી માતા-પિતાની સેવાની તક મળે એ ને આપણા ભાગ્ય માનીએ.


**નવા વર્ષના કેલેન્ડર-દટ્ટા પ્રકાશિત થઈ ગયા છે. વહેલાસર મેળવી લેવા**

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા અને તેમણે જ પસંદ કરેલ અલૌકિક દર્શનીય સુંદર નવા વર્ષના કેલેન્ડર પ્રકાશિત કરવામાં આવ્યા છે (આપણા નાના-મોટા દરેક મંદિરોમાં આજ તસવીર વાળા કોઈ ફેરફાર નહી) આપણા મંદિરમાં પ્રાપ્ત થશે. સાથે નવા વર્ષના સુંદર દટ્ટા પણ પ્રકાશિત થઈ ગયા છે. વહેલાસર મેળવી લેવા તથા મંદિરના માટે જે હરિભક્તોને કેલેન્ડર બનાવવા હોય તેમણે નીચેના મોબાઈલ પર સંપર્ક કરવો.

**કાલુપુર મંદિર કોઠાર ઓફિસ**
બાલુ સ્વામી મો. : ૯૪૨૭૦૭૦૩૭૧
શ્રી સુરેશભાઈ મો. : ૯૧૭૩૦૮૯૦૩૦
શ્રી જૈમીનભાઈ મો. : ૭૯૯૦૫૧૯૪૭૮
કેલેન્ડરની કિંમત રૂા. ૮-૦૦ મંદિર માટે

**નરનારાયણદેવ યુવક મંડળ**
શ્રી વિપુલભાઈ મો. : ૯૭૨૫૪૪૯૨૮૮
શ્રી પ્રયાગભાઈ મો. : ૯૪૨૯૦૬૭૫૮૪
જાહેરાત માટેની કિંમત રૂા. ૧૦-૦૦

## શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણથી પાવન થયેલ પ્રસાદીનું ગામ

# પાનસર



- અમદાવાદ કાલુપુર મંદિરથી બાય રોડ ૧કલાક ૧૦ મિનિટ
- અમદાવાદ એરપોર્ટથી ૫૦ મિનિટ

- શાસ્ત્રી સ્વામી
નારાયણવલ્લભદાસજી (વડનગર)

ઉત્તર ગુજરાતમાં કલોલ પાસે પાનસર ગામ આવેલું છે. અહીં સુંદર હરિ મંદિર છે. શ્રીજી મહારાજનું પ્રસાદીનું ગામ છે. સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન દંઢાવ્ય દેશના ગામો ગામ વિચરણ કરતા કરતા વડું ગામેથી સંતો-હરિભક્તોને આનંદ ઉપજાવતા તેમજ મુમુક્ષુ જીવાત્માઓને દર્શન આપતા આપતા પાનસર ગામની ભાગોળે પધાર્યા. તે સમયે પાનસર ગામના નરનારીજનો શ્રીહરિનાં દર્શન કરવા રાજમાર્ગો ઉપર ઉભા હતા. તે સમયે ગામમાં રહેતો એક વૈરાગી બાવો પણ ત્યાં ઉભો હતો, તે વૈરાગી બાવાને જોઇ ગ્રામજનો કહેવા લાગ્યા કે, આ વૈરાગી બાવામાંથી પ્રતાપ જતો રહ્યો છે અને બધો પ્રતાપ શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં જોવા મળે છે. આ સાંભળી બાવો બોલ્યો, જોઇ લ્યો હું સ્વામિનારાયણનો પ્રતાપ તમને દેખાડી દઉં. આમ બોલી મનુષ્યો વચ્ચેથી બાવો દોડ્યો અને બ્રહ્માનંદ સ્વામીને જોઇ કહેવા લાગ્યો કે, સ્વામિનારાયણ તમે છો ? ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે, સ્વામિનારાયણ પાછળ આવે છે. આ સાંભળી બાવો ત્યાંજ રસ્તામાં ઉભો રહ્યો અને જે જે સંત-ભક્ત આવે તેને પૂછે, તમે સ્વામિનારાયણ છો ? સૌ એ એક જ જવાબ આપ્યો કે સ્વામિનારાયણ પાછળ આવી રહ્યા છે. છેવટે સંતો-પાર્ષદો બ્રહ્મચારીઓ વીંટાયા થકા શ્રીહરિ આવી પહોંચ્યા, ત્યારે બાવાએ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઘોડાની લગામ પકડી પૂછ્યું, તમારૂં નામ શું ? લગામ પકડી એટલે ઘોડો કૂદ્યો પણ બાવો તગડો હતો તેથી લગામ મૂકી નહિ, ભગવાન શ્રીહરિ ઘોડા ઉપરથી પડતા પડતા રહી ગયા. આ જોઇ દશ પંદર પાર્ષદો-હરિભક્તો બાવાને છોડાવવા લાગ્યા ત્યારે બાવાએ ઘોડાની લગામ છોડી દીધી. ત્યાર પછી પાર્ષદોએ બાવાની લાંબી દાઢી ખેંચી પાઠ ભણાવ્યો. ત્યારે ભગવાન શ્રીહરિ કહે છે કે, આ બાવાને તમે બધાએ દુઃખ દીધું તે બરાબર નથી, કદાચ મરી જાય તો અંગ્રેજના આ રાજ્યમાં ફાંસીની સજા થાય, તો આપણું નામ વગોવાય.




આ સાંભળી ગ્રામજનોએ કહ્યું કે, તેમાં હે ભગવન ! તમારો કાંઇ જ વાંક નથી, અને અંગ્રેજ લોકો બહું નિષ્ણાંત હોય છે તેઓ અન્યાય કરતા નથી, અને હે પ્રભુ ! આ બાવો અમોને દરરોજ ગાળો દેતો, પણ ભેખ જાણીને અમો સહન કરતા હતા. આજે તો એ જાણી જોઇને આપનો દ્રોહ કરવા આવેલો એનું એને ફળ ભોગવવું પડ્યું છે. આમ ગ્રામજનો સાથે વાર્તાલાપ કરી ગામ ઉપર અમીદૃષ્ટિ કરી શ્રીહરિ ત્યાંથી ઓળા ગામે પધાર્યા. આમ શ્રીહરિએ પાનસર ગામમાં પધારી ગામની ધરતીને પાવન કરી છે. તેના પુણ્ય પ્રતાપે આજે પણ પાનસર ગામમાં શ્રી નરનારાયણદેવની ગાદીના તાબાનું સુંદર શ્રી સ્વામિનારાયણ મંદિર છે. ગામના ભક્તજનો દર્શન અને ભક્તિ માર્ગ દ્વારા ધન્યતા અનુભવે છે.




પ.પૂ.મોટા મહારાજશ્રી દ્વારા લેવાયેલ મ્યુઝિયમની તસવીર

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી-સપ્ટેમ્બર-૨૦૨૩

| | |
|---|---|
| તા. ૦૮-૦૯-૨૦૨૩ | પ.ભ.શ્રી રવજીભાઈ વિરજીભાઈ પટેલ - પ્રગતિનગર - હ. અંકિત તથા શ્યામ. |
| તા. ૦૯-૦૯-૨૦૨૩ | પ.ભ.શ્રી ગીરીશચંદ્ર મનુભાઈ જોષી - ડાંગરવા - હ. મુકેશભાઈ |
| તા. ૧૦-૦૯-૨૦૨૩ | શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - મહેસાણા - પ્રે. મહંત સ્વામીશ્રી નારાયણપ્રસાદદાસજી. |
| તા. ૧૭-૦૯-૨૦૨૩ | પ.ભ.શ્રી જયકુમાર શંકરલાલ પટેલ - મેમનગર. |
| તા. ૧૯-૦૯-૨૦૨૩ | શ્રી ગણપતિજીનું સમૂહ પૂજન. |
| તા. ૨૬-૦૯-૨૦૨૩ | પ.ભ.શ્રી શાંતિભાઈ અમરશીભાઈ મનાણી - જીરાગઢ-રાજકોટ - પ્રે. હજૂરી પાર્ષદ વનરાજ ભગત. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી-સપ્ટેમ્બર-૨૦૨૩

| | |
|---|---|
| રૂા. ૧,૦૧,૦૦૦/- | પ.ભ.શ્રી ડાહ્યાભાઈ નારાયણદાસ પટેલ પરિવાર (માણસાવાળા) ગુરુપૂર્ણિમા નિમિત્તે |
| રૂા. ૫૧,૧૧૧/- | શ્રી સ્વામિનારાયણ મંદિર રણજીતગઢ (હળવદ) પ્રે. પૂ. ભક્તિહરિ સ્વામી |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com**

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "એ ક્યારેય નહિ ભૂલી જવાનું કે આપણે શુધ્ધ જ છીએ"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણે આ સત્સંગ-ભજન એ બધું જે કરી રહ્યા છીએ ને તે આવતા જન્મની પૂર્વ તૈયારીરૂપે કરી રહ્યા છીએ. આપણે આ દેહ છોડવાની અને બીજો દેહ પ્રાપ્ત કરવાની તૈયારી કરી રહ્યા છીએ. માણસ મૃત્યુ પામે છે ને એ પહેલા હવે પછીના જન્મમાં ક્યાં પ્રકારનો દેહ મળશે અથવા તો દેહ મળશે કે નહિ મળે એ બધું નક્કી થઈ જાય છે. બીજા જન્મની પૂર્વ તૈયારી કેવી રીતે થાય છે ? તો દરેક વ્યક્તિ આ જીવનમાં જે કર્મો કરે છે એ કર્મો પર બધું આધારિત છે. આપણે જે કર્મો કરીએ છીએ એના પરથી નક્કી થાય છે કે આપણી સદ્‌ગતિ થશે કે દુર્ગતિ અને બધાને ખબર છે કે **જે સતત સંસારનું સ્મરણ કરતા હોય છે એ બંધનની તૈયારી કરે છે. સંસાર એ બંધનનું કારણ છે. અને જે સતત ભગવત્‌સ્મરણ કરતા હોય છે એ મુક્તિની તૈયારી કરે છે.** જીવ જન્મે છે આ પૃથ્વી પર તો એ બંધનમાં છે. એટલે જ જન્મ લે છે. તો મુક્તિ તરફ પ્રયાણ થાય તેવા કાર્યો કરી લેવાના અને એના માટે સતત ભગવાનનું સ્મરણ ચાલું રાખવાનું. ભગવાનનું સતત સ્મરણ કરવાનું એનો અર્થ એ નથી કે સંસારમાંથી નીકળી જવાનું. કેમ કે ? આપણે ગૃહસ્થ છીએ એટલે કર્મો તો કરવા જ પડે. ભગવાને પણ એવું નથી કીધું કે માત્ર ને માત્ર મને ભજો, બીજા બધા કાર્યો છોડી દો એવી વાત નથી. જે તે વ્યક્તિએ દરેકે પોતાની જવાબદારી તો પુરી કરવી જ પડે. **ભગવાનને તો એમનો રાજીપો પ્રાપ્ત કરીએ એ જ જોઈએ છે અર્થાત્ તમે જે પરિસ્થિતિમાં હોવ એ પરિસ્થિતિમાં પ્રામાણિકતાથી બીજાને દુઃખ ના થાય એવું જીવન જીવો એ મોટી વસ્તુ છે.** ઘરના કેટલા બધા કામ હોય છે. અમુક પ્રકારની બધાની અલગ અળગ જવાબદારી હોય છે. કોઈ સાજા-માંદા હોય તો એની સેવા કરવાની હોય તો માળા લઈને બેસી જાઓ તો એ સારું ન કહેવાય. **એક જીવને દુઃખી કરીને ભગવાનને રાજી કરવા જાઓ તો ભગવાન રાજી નહિ થાય.** ઘણા લોકો એવા હોય છે કે શાસ્ત્રનું જ્ઞાન ના હોય વિદ્વાન ના હોય છતાં પણ યોગી જેવા જ્ઞાની જેવા શ્રેષ્ઠ હોય છે. અને આ કલિયુગનો સમય અને માયાના પ્રભાવથી આપણાથી જે ખોટા કર્મ થઈ જાય છે ને તો તેનું કારણ શું છે ? **આપણે સતત મહારાજનો આભાર માનવાનું ભૂલી જઈએ છીએ. મહારાજ 'સાક્ષી' તરીકે છે. 'દૃષ્ટા' તરીકે છે. એ બધું ભૂલી જઈએ ને ત્યારે જ આપણાથી ખોટા કર્મ થઈ જાય છે.** અને જ્યારે આપણે ભગવાનના સતત સ્મરણમાં હોઈએ ને ત્યારે ઈન્દ્રિયો આપોઆપ ભગવાનની સેવામાં પરોવાઈ જાય છે. અને ત્યારે આપણને જે વિચારો આવે છે એ સાત્ત્વિક વિચારો આવે છે. અને ત્યારે જે કર્મો ઈન્દ્રિયો દ્વારા થાય છે એ સારા જ થાય છે. અને ઈન્દ્રિયોને આદેશ કોણ આપે છે ? તો 'મન' આપે છે. અને મનને આજ્ઞા કોણ આપે છે ? તો જ્યારે બુદ્ધિમાં નિશ્ચય પાકો થઈ જાય ને ત્યારે કોઈપણ કાર્ય કરવાનું મન થાય છે. અને સતત સારા કાર્યોથી આપણી ચિત્ત શુદ્ધિ થાય છે અને ત્યાર પછી આપણી શ્રવણ ઈન્દ્રિયોને જગત સંબંધી વાર્તા ને એવું બધું સાંભળવું ગમતું નથી. નેત્રોને વ્યર્થ દૃશ્યો જોવા ગમતા નથી. અને ત્યારે આપણા ઉપર માયાનો અને કળિયુગનો પ્રભાવ છે એ ૫૦% ઓછો થઈ જાય છે. અને બીજું શું કરવાનું ? તો સમર્પણબુદ્ધિ રાખીને દરેક કાર્યને ભગવાનના ચરણમાં સમર્પણ કરી દેવાનું અને આપણે જે પણ કાર્ય કરીએ ને તો એવું વિચારવાનું કે આપણે એ કાર્ય ભગવાનના ચરણમાં અર્પણ કરવાનું છે. તો આપણાથી ખોટા કાર્ય નહિ થાય. કેમ કે ? ભગવાનને જે કાંઈ આપણે અર્પણ કરીએ છીએ એ શુધ્ધ અને સાત્ત્વિક હોય છે. થાળ ધરાવો છો તે પણ ચોખ્ખી રીતે બનાવીને શુધ્ધતાથી ધરાવો છો. એટલી તો ખબર છે કે ભગવાનને અશુદ્ધ અને અપવિત્ર અર્પણ ના કરાય. તો એવી જ રીતે કાર્યો પણ અપવિત્ર અર્પણ ના કરાય. **જે માણસ**

**'દેહાત્મભાવ' રાખીને કાર્યો કરે છે એ દુઃખી થાય છે. કેમ કે ? એ કાર્યો ઈન્દ્રિયોના સુખ માટે હોય છે. વિષય સુખ માટે હોય છે. માટે દુઃખી થાય છે.** અને જે માણસ આત્મભાવ રાખીને કાર્ય કરે છે એવા માણસને જગતમાં આસક્તિ હોતી નથી. એવા લોકો શરીર સુખ સામે જોતા નથી. દુઃખ આવે તો દુઃખી નથી થઈ જતા. સુખ આવે તો પણ હરખાઈ નથી જતા. દરેક પરિસ્થિતિમાં એવા વ્યક્તિ 'સમભાવ'માં રહી શકે છે. અર્થાત્ એમની અંદર રાગ-દ્વેષ નથી હોતા. કેમ કે ? આત્મભાવ રાખી ભજન-સ્મરણ કરે છે. **આત્મભાવવાળા માટે ભજન સ્મરણ લગામરૂપી થઈ જાય છે. જેમ અશ્વને અંકુશમાં રાખવા માટે માલિકના હાથમાં લગામ હોય છે. એવી રીતે જે લોકો આત્મભાવમાં રહીને ભજન સ્મરણ કરે છે ને તેને તો ભગવાનનું ભજન-સ્મરણ ભક્તિ એ ઢાલરૂપી શસ્ત્ર સમાન સાબિત થાય છે. જે માયાની સામે કામ કરે છે.** આત્મભાવમાં વ્યક્તિ હોય ત્યારે ઈન્દ્રિયો વશમાં રહે છે. એ સમયે ઈન્દ્રિયો પર સાચી રીતે અંકુશ થાય છે. અને ત્યારે જીવાત્માની શુદ્ધતા જળવાઈ રહે છે. **અને આપણો 'જીવાત્મા' શુધ્ધ જ છે. પણ આપણને ખબર નથી પડતી. કેમ કે ? આપણા અંદર શુભ અને અશુભ કર્મો અનાદિકાળથી એકત્રિત થઈ ગયા છે. એના કારણે જીવાત્માની શુદ્ધતા દબાઈ જાય છે. જેમ કિમતી હીરો હોય અને તે કાદવ-કિચડ અને માટીમાં દબાઈ જાય તો તેની ચમક દેખાતી નથી. પણ તેના લીધે કાંઈ તેની ચમક જતી નથી રહેતી. સફાઈ થાય એટલે પાછી ચમક આવી જાય છે. અને એની કિંમત પણ ઓછી થતી નથી. સાફ કરો તો બધું દેખાઈ જાય છે. એમ આપણો જીવાત્મા શુધ્ધ જ છે. અને એટલા માટે શુધ્ધ છે કે એ પરમાત્માનો અંશ છે. એટલે એ અંશ શુધ્ધ જ હોય ને !** તો આપણને આ મનુષ્ય જન્મ મળ્યો છે તક મળી છે બધો કચરો સાફ કરવાની. અને બધો કચરો સાફ થઈ જશે ને એટલે શુધ્ધાત્માની અનુભૂતિ થશે. ત્યારે આપણા અંદર પરમાત્મા છે તેની પણ અનુભૂતિ થશે. મહિમા સમજાશે અને પરમાત્મા ઓળખાઈ જશે. અને એ પરમાત્મા સિવાય કોઈની તાકાત નથી કે આપણને એક શ્વાસ પણ આપી શકે. **પરમાત્માને દરેક જીવાત્મા પ્રિય છે. પણ એમના જે ભક્ત છે એ અતિશય પ્રિય છે.** આપણને આ પૃથ્વી પર જન્મ મળ્યો એટલે ચાર વસ્તુ દરેક મનુષ્યને ભયરૂપ છે. એક 'જન્મ' બીજુ 'જરા' ત્રીજુ 'રોગ' અને ચોથું 'મૃત્યુ'. તો દરેક વ્યક્તિ માટે આ બહુ મોટા પ્રશ્નો છે. અને એ પ્રશ્નોનો ઉકેલ માત્ર ભગવાન પાસે જ છે. આ પ્રશ્નો તો રહેવાના જ છે. **આ પ્રશ્નો સાથે જીવન કેવી રીતે જીવવું ? ભગવાન આપણને એનો રસ્તો બતાવે છે. કેવી રીતે ? તો જ્યારે આપણે એમના શરણમાં જઈએને ત્યારે આ સંસાર નાશવંત છે. આત્મા અવિનાશી છે, અને દરેક ચેતન પદાર્થને પરમાત્મા ચેતના આપે છે તેનો ખ્યાલ આવે છે.** આપણે બધા આપણા કર્મો પ્રમાણે જુદી જુદી પરિસ્થિતિમાં ફસાયેલા માણસો છીએ. એના ફળસ્વરૂપ અસંખ્ય મુંઝવણ આપણા જીવનમાં આવે છે. અને એના તારણહાર ભગવાન છે. તો આત્મભાવરૂપે સતત સ્મરણ ચાલુ રાખવાનું. સંસાર છોડીને ભાગી જઈએ એવું નહિ બને. અને **એ ક્યારેય નહિ ભૂલી જવાનું કે આપણે શુધ્ધ જ છીએ. અને એ બનાવેલી વસ્તુ પણ નથી. હકીકતમાં એમ જ છે. કેમ કે ? 'શુધ્ધતાનો અંશ શુધ્ધ જ હોય ! ભગવાન જેવા શુધ્ધ આ બ્રહ્માંડમાં કોઈ નથી. અને એ શુધ્ધતાનો આપણે અંશ છીએ.** તો ભગવાન દરેક જીવ માત્રને પ્રેમ કરે છે. ભગવાન 'પ્રેમસ્વરૂપ' છે. તો તમે બધા આત્મભાવથી ભક્તિ કરશો તો ભગવાન તમારી દરેક વિપરીત પરિસ્થિતિમાંથી નીકળવાનો રસ્તો બતાવશે.

**ભાદરવા સુદ-૧૫ પૂનમ સત્સંગ સભા,**
**ઠાકોરજીને થાળ-સંત-પાર્ષદો**
**હરિભક્તોની રસોઈના યજમાન**

**(૧) પ.ભ.અ.નિ. જીવીબેન ચંદુલાલ ભુદરદાસ પટેલ પરિવાર (જામળા) હ. શ્રી જગદીશભાઈ, શ્રી ગૌતમભાઈ (કેનેડા) પરિવાર**

**(૨) પ.ભ.અ.નિ. મનજી માવજી રાબડીયા તથા માતૃશ્રી કાનબાઈ મનજી રાબડીયા, વાલજીભાઈ કરશન હિરાણી, વાલબાઈ વાલજી હિરાણી - હ. ભીમજી મનજી રાબડીયા તથા ધ.પ. જશોદાબેન ભીમજી રાબડીયા - હ. પુત્રી શ્રેયલ, આરશી અને રેવતી (બળદીયા-કચ્છ હાલ સીડની-ઓસ્ટ્રેલીયા)**

# સત્સંગ સમાચાર

### અમદાવાદ મંદિરમાં જન્માષ્ટમી ઉત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરૂષોતમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રાવણ વદ-૮ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી તા. ૦૭-૦૯-૨૦૨૩ ના રોજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં મંદિરના પ્રસાદીના ચોકમાં વિશાળ-સ્ટેજ-સમિયાણામાં રાત્રે ૯ થી ૧૨ આપણા સુપ્રસિધ્ધ ગાયક કલાકાર શ્રી જયેશભાઈ સોની, બ્રહ્મચારી સ્વામી મુકુન્દાનંદજી અને તેમના સાથી કલાકારોએ કીર્તન-ભક્તિની અને રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. હજારો હરિભક્તો વરસતા વરસાદમાં પણ આવો મહાલાભ લેવા પધાર્યા હતા. સતત ત્રણ કલાક ભવ્ય ઉત્સવ સંપન્ન થયો.

તમામ સુંદર આયોજન આપણા કથાકાર સંત પૂ. સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી દ્વારા થયું હતું. જેમાં પૂ. મહંત સ્વામીના મંડળના સંતો પૂ. જે.પી. સ્વામી, પૂ. બાલુ સ્વામી અને પૂ. ભંડારી સ્વામી ધર્મસ્વરૂપદાસજી આદિ સંત મંડળ પણ સેવામાં જોડાયા હતા. રાત્રે ૧૨-૦૦ કલાકે લીલા પુરુષોત્તમ શ્રી કૃષ્ણ ભગવાનના જન્મોત્સવની આરતી ધામધૂમ અને આનંદોલ્લાસ સાથે થઈ હતી. પૂ. રામ સ્વામી અને સંતોએ શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ સાથે બેસી ઓચ્છવ કર્યો હતો. તમામ ભક્તોને પંજાજીરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. આ પ્રસંગના યજમાનનો લાભ પ.ભ. લલીતાબેન રસિકલાલ ભાવસાર - હ. વ્રજેશભાઈ (ન્યુરાણીપ-લાંઘણજ) પરિવારે લીધો હતો.

(કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી)

### અમદાવાદ મંદિર જલઝીલણી શ્રી ગણપતિજીનો વરઘોડો

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયમાં પ્રવર્તાવેલી સમૈયાની પરંપરા પૈકીના ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીનો વરઘોડો આજે પણ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરથી ધામધૂમથી કાઢવામાં આવે છે. ટ્રાફિક સમસ્યાને કારણે રૂટમાં ફેરફાર થયા છે.

ભાદરવા સુદ-૪ શ્રી ગણેશ ચતુર્થીના દિવસથી આપણું શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ વિઘ્નહર્તા શ્રી ગણપતિજી દાદાના નંદ સંતો રચિત પદોનું ઠાકોરજી સમક્ષ ગાન કરે છે.

જલઝીલણી એકાદશીના રોજ બપોરના ૧૨ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં સંત મંડળ-ઓચ્છવ મંડળ ઓચ્છવ કરતા કરતા વાહનમાં બેસી નારણઘાટ મંદિર પહોંચ્યા હતા. જ્યાં ઓચ્છવ કરી ઠાકોરજીને નાવમાં નૌકાવિહાર અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અભિષેક આરતી આદિ ધામધૂમથી થયું હતું. રાત્રે પરત ધર્મકુળની નિશ્રામાં મંદિરના ચોકમાં ભવ્ય ઉત્સવ ઓચ્છવ મંડળે કર્યો હતો. હજારોની સંખ્યામાં હરિભક્તોએ વરઘોડાના દર્શન કરી ધન્ય બન્યા હતા. પૂ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી સુંદર આયોજન તેમના મંડળના સંતોએ કર્યું હતું. પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી શ્રી ગણપતિ પૂજનના યજમાન પ.ભ. હરિ અશોકભાઈ પટેલ (લંડન) અને જલઝીલણી એકાદશીના યજમાન પ.ભ. મધુભાઈ ગોરધનભાઈ લાઠીયા, પુત્ર પ.ભ. કાર્તિક અને પૌત્ર અગસ્ત્ય એ લાભ લીધો હતો. નારણઘાટ મંદિરમાં પૂ. મહંત શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજીએ આ પ્રસંગે સુંદર વ્યવસ્થા કરી હતી. જ્યાં આ પ્રસંગના યજમાન પ.ભ.અ.નિ. શિવાભાઈ માધવદાસ પટેલ - હ. પ.ભ. અમૃતભાઈ, પ.ભ. જયંતીભાઈ પટેલ (વિહારવાળા) તથા પ.ભ. વિષ્ણુભાઈ અંબાલાલ પટેલ (ચાંદખેડા) - હ. તપન અને ચિંતન આદિ પરિવારે લાભ લીધો હતો.

(કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી)

### અમદાવાદ મંદિરમાં ભાદરવા સુદ-૧૫ ની સત્સંગ સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંકલ્પથી તથા કાલુપુર મંદિરના પૂજ્ય મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શન પ્રેરણાથી છેલ્લી પાંચ પૂનમથી આપણા મંદિરના પ્રસાદીના સભા મંડપમાં ધર્મકુળની શુભ નિશ્રામાં સવારે ૮-૩૦ થી ૧૦-૦૦ વિદ્વાન સંતોના વક્તાપદે સત્સંગ સભા થાય છે. શહેર અને ગામો ગામના હરિભક્તો કથાનો

સુંદર લાભ લઈ ધન્યતા અનુભવે છે. આ વખતની સભા સ.ગુ. શા. સ્વામીશ્રી વાસુદેવચરણદાસજી (એપ્રોચ મહંતશ્રી)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. જેના યજમાન પ.ભ.અ.નિ. જીવીબેન ચંદુલાલ ભુદરદાસ પટેલ પરિવાર (જામળા) હ. શ્રી જગદીશભાઈ, શ્રી ગૌતમભાઈ પરિવારે લાભ લીધો હતો. (કોઠારી શા. સ્વામી નારાયણમુદિસજી)

**અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની ગુણાનુંવાદ સભા**

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂર્વ મહંતશ્રી અને હાલ કોટા (રાજ.)ના મહંત પૂ. સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી તા. ૨૪-૦૮-૨૦૨૩ ના રોજ અક્ષરનિવાસી થયા. તેઓશ્રીની ગુણાનુંવાદ સભા તા. ૧૩-૦૯-૨૦૨૩ ના રોજ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંપન્ન થઈ. જેમાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ તેઓશ્રીની સાથેના પ્રસંગોને યાદ કરી તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમજ અમદાવાદ, મૂળી, ભૂજ, વડતાલ, ગઢપુર, જુનાગઢ અને ધોલેરા દેશના સંતોએ પૂ. મહંત સ્વામીના પ્રસંગોપાત ગુણોને યાદ કરી તેઓશ્રીને ભાવાજંલિ અર્પણ કરી હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ તેમની સાથેના પ્રવાસના પ્રસંગોને યાદ કરી તેમને ભાવાંજલિ અર્પણ કરી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ટેલિફોનિકના માધ્યમથી તેમને શ્રધ્ધાંજલિ અર્પી હતી. છેલ્લે પૂ. સ્વામીના શિષ્ય મંડળ પૂ. જે.પી. સ્વામી, પૂ. યોગી સ્વામી, પૂ. ભક્તિ સ્વામી અને પૂ. વિશ્વવિહારી સ્વામી આદિ સૌ વતી પૂ. શા. સ્વામી નારાયણમુનિદાસજી (મુનિ સ્વામી)એ સમગ્ર ધર્મકુળ અને બન્ને દેશના સંતોનો અને સેવા કરનાર હરિભક્તોના આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન પૂ. સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ સંભાળ્યું હતું.

(કોઠારી સ્વામી, કાલુપુર મંદિર)

**વિસનગરમાં કથા પારાયણ**

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી પ.ભ.અ.નિ. કસ્તુરચંદ લલ્લુભાઈ પટણી પરિવારના યજમાન પદે શ્રી સ્વામિનારાયણ મંદિર વિસનગરના સુંદર આયોજનથી પવિત્ર શ્રાવણ માસમાં તા. ૧૨-૦૯-૨૦૨૩ થી તા. ૧૬-૦૯-૨૦૨૩ પર્યન્ત સ.ગુ. ભૂમાનંદ સ્વામી રચિત મહાન ગ્રંથ શ્રી ઘનશ્યામ લીલામૃત સાગરની રાત્રીય પંચાન્હ પારાયણ સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે સંગીતના મધુર તાલે સંપન્ન થઈ હતી. વિસનગરના હજારો ધર્મપ્રેમી-કથા પ્રેમી ભક્તોએ કથાનું શ્રવણ કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ધામોધામના સંતોએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર કથાનું સભા સંચાલન સ.ગુ. શા. સ્વામી વ્રજવલ્લભદાસજીએ (મૂળી) સુંદર રીતે કર્યું હતું. (કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી - કાલુપુર મંદિર)

**શ્રી દેવભૂમિ દ્વારકા તીર્થ ખાતે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી અને સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા. સ્વામી નારાયણમુનિદાસજી કોઠારીશ્રી (કાલુપુર મંદિર)ની પ્રેરણાથી મહાન પવિત્ર તીર્થધામ દ્વારકા ખાતે તા. ૨૩-૦૯-૨૦૨૩ થી તા. ૨૭-૦૯-૨૦૨૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ મહંતશ્રી)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે સભા સંચાલન શા. સ્વા. ગોપાલચરણદાસજી (કલોલ)એ સુંદર રીતે સંભાળ્યું હતું. (કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી - કાલુપુર મંદિર)

**ઉતરાખંડના ઋષિકેશમાં કથાપારાયણ**

સર્વોપરી ઈષ્ટદેવ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ કાલુપુર મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી ગીરનારી સેવા સમિતિ બાપુનગર અમદાવાદ દ્વારા આયોજીત અ.નિ. સંતોકબેન જીવણલાલ કચરાભાઈ પટેલ પરિવાર (આજોલ-અમદાવાદ)ના યજમાન પદે તા. ૨૦-૦૯-૨૦૨૩ થી તા. ૨૬-૦૯-૨૦૨૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર સંત સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે ઋષિકેશધામે બાબા કાલીકામલીવાલા આશ્રમ ખાતે સંપન્ન થઈ હતી. હજારો ભાવિક ભક્તોએ શ્રી

ભાગવત કથામૃતનું પાન કરી ધન્ય બન્યા હતા. આ કથા પ્રસંગે મહંત શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી (નારણઘાટ), કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી (કોટા-કાલુપુર) ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન શા. સ્વા. વ્રજવલ્લભદાસજી (મૂળી)એ સુંદર રીતે સંભાળ્યું હતું. (કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી)

**નારણપુરા (અમદાવાદ) મંદિરમાં પવિત્ર શ્રાવણ માસમાં શ્રી ભાગવત પંચાન્હ રાત્રીય કથા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુર-નારાણપુરા મંદિરના મહંત પૂ. સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા ખાતે પવિત્ર શ્રાવણ માસમાં તા. ૧૧-૦૯-૨૦૨૩ થી તા. ૧૫-૦૯-૨૦૨૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ રાત્રીય પારાયણ જેતલપુરધામના યુવાન કથાકાર પૂ. સ.ગુ. શા. સ્વા. ભક્તિનંદનદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. સમગ્ર આયોજન નારણપુરા મંદિર દ્વારા કરવામાં આવ્યું હતું. પૂ. મહંતશ્રી કે.પી. સ્વામી (જેતલપુરધામ), પૂ. મહંતશ્રી વી.પી. સ્વામી (નારણપુરા)ના સુંદર માર્ગદર્શનથી નારણપુરા વિસ્તારના હજારો ભક્તોએ કથા-શ્રવણ કરી ધન્ય બન્યા હતા. કથા દરમ્યાન ધામોધામથી સંતો પધાર્યા હતા. (શા. સ્વા. જગતપ્રકાશદાસજી જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની દ્વારા સત્સંગ પ્રવૃત્તિઓ**

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી, પ.ભ. શ્રીદાસભાઈના માર્ગદર્શનથી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના આયોજનથી નીચે મુજબની સત્સંગ પ્રવૃત્તિઓ થઈ હતી.

તા. ૩-૯ થી ૫-૯ સ.ગુ. શાસ્ત્રી સ્વામી વ્રજભૂષણદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે ધર્માદા નિમિત્તની રાત્રી કથા વાર્તા થઈ હતી. આ પ્રસંગે નૂતન નિકોલ મંદિર જમીન સંપાદન ફંડમાં હર્ષદ કોલોની સત્સંગ સમાજ દ્વારા રૂપિયા બે કરોડની જાહેરાત થઈ હતી. સ.ગુ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)એ દરેક દાતાશ્રીઓનું યથોચિત સન્માન કરી શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૭-૯ ના કથા, કીર્તન ભક્તિ, રાસોત્સવ તથા પ્રાકટ્ય આરતી ઉત્સવ સાથે જન્માષ્ટમી મહોત્સવ થયો હતો.

પવિત્ર શ્રાવણ માસમાં ઠાકોરજીને વિધ વિધ કલાત્મક હિંડોળામાં ઝૂલાવવામાં આવ્યા હતા.

તા. ૧૯-૯ થી ૨૫-૯ પર્યંત શ્રીગણપતિ મહોત્સવ તથા હિમાલય દર્શનનું આયોજન થયું હતું. દરરોજ રાત્રે આરતી તથા રાસોત્સવ થયા હતા. બહેનો દ્વારા ચૂરમાના લાડુના થાળ તથા અન્નકૂટ થયો હતો.

ગોરધનભાઈ વી. સીતાપરાના સંચાલક પદે ચાલતી અઠવાડિક બાળ સભાના બાળકો તા. ૨૭-૮ ની કાલુપુર મંદિરની પદયાત્રામાં જોડાઈને દેવનું દર્શન કરી ઘણા બાળકોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના હસ્તે શરણાગતિની કંઠી પહેરી ફોટો સેશન કરાવ્યું હતું. તા. ૨૪-૯ ના ૩૫ બાળકોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું દર્શન કરી પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ લઈ ફોટો સેશન કરાવી ઘણા બાળકોએ શરણાગતિની કંઠી ધારણ કરી હતી.

બહેનોના મંદિરમાં બહેનોએ ચાતુર્માસ પ્રારંભથી રોજની ૧ કલાકની ધૂન કરી. તા. ૧૫-૯ ના અખંડ ૭ કલાકની ધૂન કરી પૂર્ણાહુતિ કરી હતી.

યુવક મંડળ દ્વારા નિરંતર તથા દર એકાદશીએ રાત્રી ધૂન કીર્તનનું સુંદર આયોજન થાય છે.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ દ્વારા સત્સંગ પ્રવૃત્તિ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલના મહંત સ્વામીના માર્ગદર્શનથી શ્રાવણ માસમાં ઠાકોરજી સમક્ષ વિવિધ પ્રકારના હિંડોળા તથા હિમાલય, પુલ્હાશ્રમ આદિ દર્શન હરિભક્તોને કરાવ્યા હતા. દર રવિવારે બાળકોની બાળ સભા નિયમિત કરવામાં આવે છે. આજુબાજુના વિસ્તારમાં તેમજ બાવળા પાસે મોગલ ધામે તા. ૨૦ ઓગસ્ટના સત્સંગ સભા કરવામાં આવી હતી. શ્રીકૃષ્ણ જન્મોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવ્યો હતો. આ રીતે બોપલ મંદિરમાં પૂ. ધ્યાનપ્રિય સ્વામી અને સંત મંડળ સત્સંગની સુંદર પ્રવૃત્તિ કરી હરિભક્તોને લાભ આપે છે.

(પ્રવિણ ઉપાધ્યાય)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ અત્રેના મહંત શા. પ્રેમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી અત્રે અધિક માસમાં સુંદર હિંડોળા અને ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી શ્રાવણ માસમાં બહેનોની કથા કરવામાં આવી

હતી. જેમાં જેતલપુર મંદિરથી સાંખ્યયોગી નર્મદાબાએ મંડળ સાથે પધારી સૌ બહેનોને કથાનો લાભ આપ્યો હતો. સમૂહ મહાપૂજાનું પણ આયોજન થયું હતું. યુવક મંડળ અને મહિલા મંડળે આ પ્રસંગે સુંદર સેવા કરી હતી.

(સ્વા. હરિકેશવદાસ)

**ન્યુ રાણીપ મંદિરમાં શ્રી ભક્તચિંતામણી કથા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના મહંત પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ કષ્ટભંજનદેવ મંદિર ન્યુ રાણીપના સુંદર આયોજનથી પવિત્ર ચાતુર્માસમાં તા. ૧૧-૯-૨૩ થી તા. ૧૫-૯-૨૩ પર્યન્ત શ્રી ભક્તચિંતામણી અંતર્ગત પરચા પ્રકરણની રાત્રીય પંચાન્હ પારાયણ સ.ગુ.શા. સ્વા. સુવ્રતસ્વરૂપદાસજીના (કાલુપુર) વક્તાપદે થઈ હતી. અહીંના હરિભક્તોએ કથાનો સુંદર લાભ લીધો હતો.

(કોઠારીશ્રી ન્યુ રાણીપ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર શ્રી ગણપતિજીનો વરઘોડો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીનો વરઘોડો ધૂન-ભજન, કીર્તન કરતા પૂ. મહંત શા. સ્વામી નારાયણવલ્લભદાસજી, કોઠારી શા. સ્વા. વિશ્વપ્રકાશદાસજી આદિ સંત-મંડળ અને વિશાળ હરિભક્તોના સમૂહ સાથે નાગધરા સરોવરે ઠાકોરજીને જળાભિષેક કરાવી ત્યાં સૌને પ્રસાદ વહેંચ્યો હતો. મંદિરના ટ્રસ્ટીઓ, જયેશભાઈ શાસ્ત્રી અને રતીલાલ વ્યાસ આદિ સૌએ લાભ લીધો હતો. (કોઠારીશ્રી - વડનગર મંદિર)

**સુરતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને શિબિર**

સુરત શહેરમાં મૂળી પ્રાન્તના હાલારના અને ઉત્તર ગુજરાતના ઘણા હરિભક્તો વરસોથી ત્યાં સ્થાયી થયા છે. ઘણા સમયથી પ.પૂ. લાલજી મહારાજશ્રીને પ્રાર્થના કરતા હતા કે અહીં રાંદેર વિસ્તારમાં આપણા ઘણા હરિભક્તો વસે છે. તે સૌની એક સત્સંગ શિબિર યોજવાની ખૂબ ઈચ્છા છે. જેથી પ.પૂ. લાલજી મહારાજશ્રી તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૩ ના સંત-પાર્ષદ મંડળ સાથે સૌ પ્રથમવાર સુરત પધાર્યા. વિશાળ સુંદર હોલમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં અમદાવાદ, મૂળી મંદિરના મહંત સ્વામી આદિ આપણા ઘણા સંતોએ વર્તમાન સમયને અનુલક્ષીને પ.પૂ. લાલજી મહારાજશ્રીની અનેકવિધ પ્રવૃતિ પૈકી આ શિબિરથી સર્વે ભક્તોને શ્રી નરનારાયણદેવને કેન્દ્રમાં રાખી પ્રવૃત્તિશીલ બનીને કાર્ય કરવા હાકલ કરી હતી. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ અને સંતોને અહીં અવાર-નવાર સત્સંગ સભા કરવા ભલામણ કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજી (મૂળી)એ સુંદર રીતે કર્યું હતું.

(કોઠારી શા. મુનિ સ્વામી - કાલુપુર)


**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવ આદિ દેવોના થાળ-રસોઈની યાદી**

| વિગત | થાળ | રસોઈ |
|---|---|---|
| ચુરમાના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| બુંદીના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોતીયા લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોહન થાળ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશ-પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| માલપુવા | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| દુધપાક પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| અડદીયાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| સાટાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| શીખંડ પુરી | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ડ્રાયફ્રુટ હલવો | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| બાસુંદી પુરી | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| દૂધપાક-માલપૂવા | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ગુલાબ જાંબુ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| જલેબી | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| મૈસુબ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| કાજુ બદામ મૈસુબ | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| રસપુરી | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| સત્તર ધામનો થાળ | રૂા. ૩,૦૦૦/- | |

**કાયમી અનામત થાળ** **રૂા. ૧૦,૦૦૦/-**

**કાયમી અનામત થાળ (સાંજના)** **રૂા. ૫,૦૦૧/-**

**ઠાકોરજીના સાંજના થાળના રૂા. ૧૦૦૦/-**

**Mo. : 8238001666**

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**શ્રાવણ સુદ-૧** પ.ભ.અ.નિ. કમળાબેન અંબાલાલ પટેલ (મોટેરા), પ.ભ. તન્વીબેન રમેશભાઈ (ઝુંડાલ), પ.ભ. સવિતાબેન રમણભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પૃથ્વી, મૃદા સુરેશભાઈ પંચાલ (અમદાવાદ), પ.ભ. નેહાબેન તુષારકુમાર પટેલ (કારવણ), પ.ભ. અંકિતાબેન જતીનકુમાર પટેલ (લીંબાસી), પ.ભ. તેજસ ચૌહાણ (ગાંધીનગર), પ.ભ. કવિતા કેશુભાઈ કોલડીયા (નારદીપુર), મહિલા મંડળ બજરંગપુરા, પ.ભ. રતનબેન નાનજીભાઈ હિરાણી (ભુજ-કચ્છ), પ.ભ. સુરેશભાઈ અમૃતભાઈ પ્રજાપતી (મહેસાણા). **શ્રાવણ સુદ-૨** પ.ભ. મનુભાઈ મોહનભાઈ પટેલ (અમદાવાદ). **શ્રાવણ સુદ-૩** પ.ભ. લીલાબેન રમેશકુમાર પટેલ (ગાંધીનગર), પ.ભ. ગીતાબેન દિલીપભાઈ (અમદાવાદ), પ.ભ. બળદેવભાઈ જમનાદાસ પટેલ (ડાંગરવા), પ.ભ.અ.નિ. વિશ્રામભાઈ કરશનભાઈ ગોરસીયા (બળદીયા-કચ્છ), પ.ભ. પર્ણબેન ધવલભાઈ સોની (નાઈરોબી). **શ્રાવણ સુદ-૪** પ.ભ. મહેશભાઈ ડાહ્યાભાઈ પટેલ (પોર), પ.ભ.અ.નિ. લલીતભાઈ વ્રજલાલ પાટડીયા (અમદાવાદ), પ.ભ. હર્ષદભાઈ દલસુખભાઈ પટેલ (મેડા), પ.ભ. ઈન્દ્રવદન ઈશ્વરભાઈ પટેલ (આંત્રોલી), પ.ભ. કુમકુમબેન મણીલાલ પટેલ (નરોડા), પ.ભ. ગોમતીબેન મગનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. જીજ્ઞેશ નવિનચંદ્ર પટેલ, પ.ભ.અ.નિ. ધવલભાઈ વી. પટેલ (અમદાવાદ), પ.ભ. પટેલ વિષ્ણુભાઈ મણીભાઈ (બીલાસીયા), પ.ભ. અમૃતભાઈ ભગાભાઈ પટેલ (ગાંધીનગર). **શ્રાવણ સુદ-૫** અલ્ટ્રાસી આર્કિટેકચર પ્રોડર્સ (અમદાવાદ), પ.ભ. વિષ્ણુભાઈ પી. પટેલ (અમદાવાદ), પ.ભ. કંચનબેન હરજીભાઈ પટેલ (નારણપુરા), પ.ભ. વિનોદભાઈ પી. પટેલ (ઉમેદગઢ), પ.ભ. નિરંજનભાઈ બી. પંચાલ (અમદાવાદ), પ.ભ. કાંતાબેન ભગવાનભાઈ પટેલ (ગોઠીબ), પ.ભ. છોટાભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. ચંચળબેન પરસોમતભાઈ પટેલ (સંતરામપુર), પ.ભ. શરતનભાઈ સોમાભાઈ નાયક (ગાંધીનગર), પ.ભ. રૂચીબેન જયભાઈ પટેલ, પ.ભ. ભરતભાઈ ઉપાધ્યાય (વિરસદ), પ.ભ. સુરેશભાઈ બાબુલાલ અગ્રવાલ (અમદાવાદ), પ.ભ. નીતાબેન ગીરીશભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. સાગરભાઈ પી. સોની (અમદાવાદ). **શ્રાવણ સુદ-૫** પ.ભ. રામભાઈ ગોવિંદ વરસાણી (માનકુવા-કચ્છ), પ.ભ. અમૃતભાઈ અંબાલાલ એસ. પટેલ (વડુ), પ.ભ. મણીબેન પ્રવિણભાઈ નાથુભાઈ ચૌધરી (ઈન્દ્રપુરા). **શ્રાવણ સુદ-૬** શ્રી સહજાનંદ કન્સ્ટ્રકશન કું. (માંડવી-કચ્છ). **શ્રાવણ સુદ-૭** શ્રી હરિકૃષ્ણ ઈન્સ્ફ્રાટ્રકચર (માંડવી-કચ્છ), પ.ભ.અ.નિ. રણછોડભાઈ પ્રભુદાસ પટેલ (સાબરમતી). **શ્રાવણ સુદ-૮** પ.ભ.અ.નિ. મેઘજી લાલજી વેકરીયા. **શ્રાવણ સુદ-૯** પ.ભ. જગદીશ માવજી ભૂડીયા, પ.ભ.અ.નિ. રામજીભાઈ શ્યામજી કેરાઈ (રામપર-વેકરા-કચ્છ), પ.ભ. પ્રવિણભાઈ મનીષભાઈ, જલ્પાબેન, ચંપાબેન (ડાંગરવા પલીયડ). **શ્રાવણ સુદ-૧૦** પ.ભ. કુશ કેતન પટેલ (અમેરિકા), પ.ભ.અ.નિ. વિમળાબેન કચરાભાઈ પટેલ (કણભા), પ.ભ. નાગરભાઈ ઈશ્વરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. લીલાબેન ગોરધનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. બાબુભાઈ મણીલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. વિમળાબેન રાવજીભાઈ પટેલ (મોટેરા), પ.ભ.અ.નિ. સંગીતાબેન ઘનશ્યામભાઈ (ઉનાવા). **શ્રાવણ સુદ-૧૧** પ.ભ. શાંતાબેન લાલજીભાઈ વાગડીયા (કેરા-કચ્છ), પ.ભ.અ.નિ. શંકરભાઈ નારણદાસ પટેલ (રાણીપ). **શ્રાવણ સુદ-૧૨** પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. પરેશ જયંતીલાલ ચુડાસમા (જામનગર), પ.ભ. જ્યોતિબેન દેવેન્દ્રભાઈ પટેલ (ઉનાવા), પ.ભ. હેનિલ, નિરવ કોકીલાબેન મહેશભાઈ (ગાંધીનગર), પ.ભ. ચંદ્રિકાબેન એન. મહેતા (અમદાવાદ), અ.નિ. પૂ. સ.ગુ. સ્વામીશ્રી પ્રેમસ્વરૂપદાસજીની ત્રિયોદશા નિમિત્તે (અમદાવાદ મંદિર), પ.ભ. કિશન એચ. ગજ્જર (અમદાવાદ), પ.ભ. સૂર્યાબેન ભરતકુમાર પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. વિઠ્ઠલદાસ ભાવસાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. કલ્યાણ રામજી હિરાણી (રામપરવેકરા-કચ્છ), પ.ભ. મફતભાઈ કચરાભાઈ પટેલ (પોર), પ.ભ.અ.નિ. સંગીતાબેન ઘનશ્યામકુમાર પટેલ (ઉનાવા), પ.ભ. યોગેશકુમાર શનાભાઈ મોદી (અમદાવાદ). **શ્રાવણ સુદ-૧૩** પ.ભ. જાનકીબેન સંજયભાઈ પોઠીયા (નિકોલ), પ.ભ. ભાર્ગવ કૌશિકભાઈ ઠક્કર (બોપલ). **શ્રાવણ સુદ-૧૪** પ.ભ. ભૂમિબેન ઘનશ્યામભાઈ પટેલ (ખાંધલી), પ.ભ.અ.નિ. ચૌધરી લવજીભાઈ મહાદેવભાઈ (બાલવા), પ.ભ. જયેશકુમાર રણછોડભાઈ પટેલ (સૂકાટીંબા), અ.નિ. પૂ. સ.ગુ. સ્વા. નિષ્કામચરણદાસજીની પુણ્ય સ્મૃતિ અર્થે (ભુજ-કચ્છ), અ.નિ.સ.ગુ. સ્વા. નિષ્કામચરણદાસજીની પુણ્ય સ્મૃતિ અર્થે (ભુજ-કચ્છ) - હ. માવજી કરશન ભુડીયા, ખીમજી શિવજી ભુડીયા, ગં.સ્વ. કમળાબેન ડી. પટેલ (અમદાવાદ), પ.ભ. ધનગૌરીબેન બાબુભાઈ પટેલ (લખતર), પ.ભ. જડીબેન પરસોતમદાસ પટેલ (અમદાવાદ). **શ્રાવણ સુદ-૧૫** પ.ભ.અ.નિ. ધનજી વાલજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ.અ.નિ. કમળાબેન ધૂળાભાઈ પટેલ (માણસા), પ.ભ.અ.નિ. આત્મારામભાઈ છગનદાસ પટેલ (વડુ), પ.ભ.અ.નિ. શર્મિષ્ઠાબેન હરિશભાઈ પટેલ (અમદાવાદ), મહિલા મંડળ કાળીગામ-સાબરમતી.

**શ્રાવણ વદ-૨** પ.ભ.અ.નિ. પરસોતમભાઈ પ્રભુદાસ (પ્રાંતીયા), પ.ભ. પ્રકાશચંદ્ર એચ. સોની (અમદાવાદ), પ.ભ. સ્નેહલતાબેન જીતેન્દ્રભાઈ સોની (અમદાવાદ), પ.ભ. પુષ્પાબેન કાંતિલાલ પટેલ (દેલવાડા). **શ્રાવણ વદ-૩** સત્સંગીબહેનો (હવેલી કાલુપુર), પ.ભ. જસ્મિનભાઈ મુકેશભાઈ પટેલ (મારૂસણા). **શ્રાવણ વદ-૪** નિરામય આંખની હોસ્પિટલ - હ. ડૉ. અંકિત ભાવસાર (અમદાવાદ), પ.ભ. મનસુખભાઈ ઠાકરસીભાઈ પટેલ (નવા નરોડા), પ.ભ. પ્રવિણભાઈ વિઠ્ઠલદાસ પટેલ

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

(મોખાસણ), પ.ભ. રામચંદ્ર અમૃતલાલ પટેલ (નરોડા), પ.ભ. રાણાભાઈ દયારામ જોશી (ઉંઝા), પ.ભ. બિપીન નટવરલાલ ઠક્કર (વાસણા), પ.ભ. સી.એમ. પટેલ પરિવાર (સાબરમતી), પ.ભ. અશોકભાઈ બી. ચૌધરી (બાલવા), પ.ભ. મેહુલભાઈ પ્રવિણચંદ્ર પ્રજાપતિ (નરોડા), પ.ભ. પ્રભાબેન મગવભાઈ દેસાઈ (નિકોલ), પ.ભ. ભદ્રેશભાઈ મગનભાઈ દેસાઈ (નિકોલ), પ.ભ. હિરાભાઈ સાગરભાઈ ઠક્કર (થલતેજ), પ.ભ. તેજેશકુમાર મગનભાઈ પટેલ. **શ્રાવણ વદ-૫** પ.ભ. માહિર શાહ (અમદાવાદ), પ.ભ. જીતુભાઈ ભાવસાર (અમદાવાદ). **શ્રાવણ વદ-૬** પ.ભ. પ્રવિણચંદ્ર રણછોડભાઈ રાઠોડ (જુનાગઢ), પ.ભ. સોમબાઈ તથા વેલજી પ્રેમજી વરસાણી (માનકુવા-કચ્છ). **શ્રાવણ વદ-૭** પ.ભ. સાહિલ યોગેશકુમાર પટેલ (ચાંદખેડા), પ.ભ. દામજીભાઈ માધવજીભાઈ રાઠોડ (જામસર). **શ્રાવણ વદ-૮** પ.ભ. ધીરૂભાઈ રાવજીભાઈ સેલડીયા (સુરત), પ.ભ. તીર્થ અશ્વિનભાઈ પટેલ (અમદાવાદ). **શ્રાવણ વદ-૯** પ.ભ.અ.નિ. રમેશ લાલજી વરસાણી (સુખપર-કચ્છ), પ.ભ. વિધિબેન ગાબાણી (ખોપાળા), પ.ભ.અ.નિ. લાલજી રમેશ હાલાઈ (મિરજાપર-કચ્છ), પ.ભ. તેજેશભાઈ મગનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. લાલજી ગાંગજી ખીમાણી (કચ્છ-ભુજ), પ.ભ. ધર્મ સમીર પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. હરજીભાઈ ખીમજીભાઈ છબાડીયા (રામપર-કચ્છ). **શ્રાવણ વદ-૧૦** ચિ. ખુશી ધીરજભાઈ ચિ. નિહાલ કાનજી હિરાણી (ભુજ-કચ્છ), પ.ભ. મણીભાઈ ચતુરભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. મુકેશભાઈ હરજીભાઈ માણીયા, પ.ભ. ઘનશ્યામભાઈ એ. પટેલ (કરજીસણ). **શ્રાવણ વદ-૧૧** પ.ભ. લાલજી ધનજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. વિશાલ રમેશભાઈ સાવલીયા (નવસારી). **શ્રાવણ વદ-૧૨** પ.ભ. મંજુલાબેન દશરથભાઈ પટેલ (વડુવાળા), સુવાસીની મહિલા મંડળ (ગોધરા), પ.ભ. નર્મદાબેન જયંતીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. સંજયભાઈ ચિમનભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. ભાવિકાબેન હિતેશભાઈ પટેલ (દિલ્હી), પ.ભ.અ.નિ. માણેકલાલ વી. ભાવસાર (અમદાવાદ), પ.ભ. ધૂળાભાઈ ગિરધરભાઈ પટેલ (સલાલ), પ.ભ. ભગવાનભાઈ નારણભાઈ પટેલ (નરોડા), પ.ભ. રમેશભાઈ રણછોડભાઈ મારફતીયા (અમદાવાદ), પ.ભ. શિલ્પાબેન સૌમિલભાઈ શાહ (પાલડી), પ.ભ. નટવરભાઈ કચરાભાઈ પટેલ (ભાણપુર), પ.ભ. સંદિપભાઈ અમૃતભાઈ પટેલ (વડુ), પ.ભ. દેવ્યાનીબેન ભરતભાઈ પટેલ (ગવાડા), પ.ભ. ઈલાબેન, કૈલાશબેન, ગીતાબેન (સાબરમતી), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. નરેશભાઈ પરબતભાઈ સિંધવ (માલણપુર). **શ્રાવણ વદ-૧૩** પ.ભ. વાસુ મથુરભાઈ જોગાણી (નિકોલ), અ.નિ. પૂ. સ.ગુ. સ્વામી વાસુદેવચરણદાસજી (કાલુપુર મંદિર), પૂ. સ.ગુ. સ્વા. રૂષિકેશદાસજી (વડતાલ), પ.ભ. ગજેન્દ્રપ્રસાદ વિઠ્ઠલદાસ શાહ (અમદાવાદ), શ્રીજી મંડળ (રાણીપ). **શ્રાવણ વદ-૧૪** અ.નિ. સ.ગુ. પૂ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી ત્રયોદશા નિમિત્તે - શિષ્ય મંડળ કાલુપુર મંદિર. **શ્રાવણ વદ-૩૦** પ.ભ.અ.નિ. રેવાબેન મનજીભાઈ પટેલ (ગોઠીબ), પ.ભ. ગોવિંદભાઈ બાભઈદાસ પટેલ (ગવાડા), પ.ભ. દિલીપભાઈ મોહનભાઈ પટેલ (લસુન્દ્રા), પ.ભ. સોલંકી પ્રભુભાઈ રાણાભાઈ (વણી), પ.ભ. કોકીલાબેન વિનોદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ચારૂમતી ગીરીશભાઈ પટેલ (ડિંગુચા), પ.ભ. પરસોતમભાઈ ભીખાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. શ્રેયા વિરેન્દ્રભાઈ પટેલ (અમદાવાદ), સ.ગુ. મહંત શા. સ્વા. નારાયણમુનિદાસજી (કોટા), પ.ભ. રંજનબેન બાબુભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. દિપકભાઈ શાંતિભાઈ ખેર (બળોલ-ભાલ), પ.ભ. પ્રવિણ બી. પટેલ (અમદાવાદ).

### અક્ષરવાસ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ)ના સંત પૂજ્ય સ.ગુ. પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી મુરલીમનોહરદાસજી (ઉં.વ. ૭૯) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા તા. ૨૦-૯-૨૦૨૩ ના રોજ અક્ષરનિવાસી થયા છે. આવા સંતના અક્ષરવાસથી ભુજ કચ્છના સત્સંગને મોટી ખોટ પડી છે.

**બળદીયા (કચ્છ) :** શ્રી નરનારાયણદેવ દેશના ખૂબજ નિષ્ઠાવાન, સેવા મૂર્તિ, દાનવીર અને સદૈવ ભગવાન શ્રીહરિની મૂર્તિમાં નિર્મગ્ન રહેનાર ધર્મકુળ અને સંતોના ખૂબજ આત્મીય એવા પ.ભ.શ્રી લક્ષ્મણભાઈ ભીમજીભાઈ રાઘવાણી (ઉ. ૯૪ વર્ષ) તા. ૨૧-૦૯-૨૦૨૩ ભાદરવા સુદ-૫ ને બુધવારના રોજ શ્રીહરિનું અખંડ ભજન સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. અક્ષરવાસના એક દિવસ પહેલા આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંતો સાથે તેઓશ્રીની ખબર અંતર પૂછવા ભુજ પધાર્યા હતા. છેલ્લે ધર્મકુળના દર્શન કર્યા. આવા નિષ્ઠાવાન વિરલ અને એકાંતિક ભક્તની સમગ્ર સંપ્રદાયને મોટી ખોટ પડી છે.

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and Printed at **Asian Printery**, Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji




અમદાવાદ મંદિરમાં જન્માષ્ટમી પ્રસંગે કૃષ્ણ જન્મોત્સવની આરતી તથા ચોકમાં રાસ ગરબા રમતા હરિભક્તો




દર પૂનમે અમદાવાદ મંદિરમાં યોજાતી સત્સંગ સભામાં સૌને દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી



અમદાવાદ મંદિરના માજી મહંત અ.નિ.શા.સ્વામી હરિકૃષ્ણદાસજીની ગુણાનુંવાદ સભામાં સ્વામી સાથેનાં સંસ્મરણો કહેતા અને શ્રધ્ધાંજલિ વ્યક્ત કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને બંને દેશના સંતો





નારણપુરા મંદિરમાં જલઝીલણી ઉત્સવ તથા રાત્રીય પારાયણમાં કથા શ્રવણ કરતા હરિભક્તો.

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023



બોલ્ટન (યુ.કે.) મંદિરના ૫૦માં પાટોત્સવ પ્રસંગ સભામાં દર્શન આપતા સમગ્ર ધર્મકુળ

અમદાવાદ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો



# ૫૧મો પ્રાકટ્યોત્સવ

**આસો સુદ-૧૦ (વિજયા દશમી) તા. ૨૪-૧૦-૨૦૨૩ મંગળવાર**

॥ કાર્યક્રમ ॥
મંગળા આરતી : સવારે ૫-૩૦ કલાકે ● શણગાર આરતી ૮-૦૫ કલાકે
આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન તથા પ્રાકટ્યોત્સવ સભા : ૮-૧૫ થી ૧૦-૩૦ કલાક સુધી
ત્યારબાદ મહાપ્રસાદ

॥ યજમાન ॥
અ.નિ.પિતાશ્રી શિવજીભાઈ મેઘજી હિરાણી
ગં.સ્વ.માતૃશ્રી અમરબાઈ શિવજી હિરાણી (નારણપર,કચ્છ)
મનજીભાઈ શિવજી હિરાણી ● વનિતાબેન મનજી હિરાણી
દિકરી રેશ્મી હિરાણી
પુત્ર ભાવિન મનજી હિરાણી ● પુત્રવધુ મુક્તિ ભાવિન હિરાણી
પૌત્ર ઈશાન ભાવિન હિરાણી હ્યુસ્ટન, ટેક્સાસ, યુ.એસ.એ.

## અમદાવાદ કાલુપુર મંદિરમાં

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાનિધ્યમાં

# શરદોત્સવ

**આસો સુદ-૧૫ (શરદ પૂનમ)**
**તા. ૨૯-૧૦-૨૦૨૩ રવિવાર**

॥ કાર્યક્રમ ॥
કીર્તન ભક્તિ - રાસ - ગરબા સમય : રાત્રે ૮:૩૦ થી ૧૧:૦૦ કલાકે
પૂરવ પટેલ અને સાથી કલાકારો ત્યારબાદ પૌઆપ્રસાદ

॥ યજમાન ॥
અ.નિ.કાંતાબેન ચુનીલાલ સોની પરિવાર
(પલીયડવાળા)રાણીપ, અમદાવાદ
હ.જયેન્દ્ર ચુનીલાલ સોની ● પાર્થ જયેન્દ્ર સોની ● મીત જયેન્દ્ર સોની

**આયોજક :- સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી (પી.પી.સ્વામી)**

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની તથા
પ.પૂ.ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

## શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર દ્વારા
## વર્ષ ૨૦૨૩-૨૪ના આકર્ષક કેલેન્ડર
## ટૂંક સમયમાં પ્રકાશિત કરવામાં આવશે.

પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી
શ્રી નરનારાયણદેવ દેશના તમામ મંદિરોએ
આ જ કેલેન્ડર પ્રકાશિત કરવાનાં રહેશે



શિખરબધ્ધ અને હરિમંદિર માટે
**કિંમત રૂા.8/-(રાહતદરે)**
સંપર્ક
બાલુ સ્વામી 9427070371 ● સુરેશભાઈ 9173089030

આપના બીઝનેસની એડવર્ટાઈઝમેન્ટ માટે
**કિંમત રૂા.10/-(રાહતદરે)**
સંપર્ક
પ્રયાગ પટેલ 9429067584 ● વિપુલ પટેલ 9725449288

મીનીમમ ૩૦૦ કેલેન્ડર બનાવી આપવામાં આવશે.

prafulkharsani@gmail.com